ॐ

# जैन सुबोध भक्तिमाळा.

જ્ઞાન, દયા, શિયળ, ભક્તિ, વિગેરે સદ્‌ગુણો જ્ઞાન વૈરાગ્યથી
ભરપૂર અને કન્યાવિક્રયનો આબેહુબ ચિતાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**ત્રીભોવનદાસ રૂગનાથદાસ શાહ.**

આકાશેઠના કુવાની પોળ—અમદાવાદ.

આવૃત્તિ ૧લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

કિંમત ચાર આના.

ॐ

# जैन सुबोध भक्तिमाळा.

દાન, દયા, શિયળ, ભક્તિ, વિગેરે સદ્ગુણો જ્ઞાન વૈરાગ્યથી
ભરપૂર અને કન્યાવિક્રયનો આબેહુબ ચિતાર.

**છપાવી પ્રસિદ્ધ કરનાર,**

**ત્રીભોવનદાસ રૂગનાથદાસ શાહ.**

આકાશેઠના કુવાની પોળ—**અમદાવાદ.**

આવૃત્તિ ૧લી. પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૬૯. સને ૧૯૧૩.

**કિમ્મત ચાર આના.**

શ્રી સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં સાંકળચંદ હરીલાલે છાપ્યું.
અમદાવાદ.

# અર્પણ પત્રિકા.

માનવંતા ડૉક્ટર સાહેબ,

## જીવરાજભાઇ ઘેલાભાઇ દોશી.

L. M. & S.

## મુ. અમદાવાદ.

આપની સ્વધર્મ પરાયણતા, વિદ્વતા, જનસમાજ પ્રત્યે પ્રેમ
ભાવની લાગણી, પ્રભુપર શ્રદ્ધાઃ એવા અનેક ઉત્તમ
ગુણોએ સદાને માટે આપના હૃદયમાં વાસ
કર્યો છે; તેમજ આપની નિર્મળ મનો-
વૃત્તિ ધર્મના ઉદ્યોતકારી કામમાં
હમેશાં સંલગ્ન થએલી છે; વિગેરે
સંતોષકારક રીતિનીતિથી પ્રીતિ
પામી, આ લઘુ પુસ્તક હું
અતિ પ્રેમપૂર્વક આપને
અર્પણ કરી આનંદ
પામું છું.

લી. આપનો શુભેચ્છક.

**ત્રીભોવનદાસ રૂગનાથદાસ શાહ.**

# પ્રસ્તાવના.

પ્રિયબંધુઓ ! આપણે આ જૈન ધર્મ મહા પુન્યના ઉદયથી પામ્યા છીએ; તો તે પામીને વિચાર કરવો કે જન્મ મરણનો ફેરો શાથી મટે ! કેમ મટતો નથી ! આ એક વિચાર કરવા યોગ્ય વાત છે. ! તો તે બાબતનું સમાધાન કરવા માટે આ પુસ્તકમાં દાન, દયા, શિયળ વિગેરે સદ્દગુણો જ્ઞાન વૈરાગ્યથી ભરપૂર એવી ખુબીથી ગોઠવવામાં આવ્યા છે કે, જેથી આત્મા કર્મ બંધનથી ચોખો થઇ છેવટ ભવાં-તરમાં કર્મ રહિત થઇ મોક્ષ ગતીને પામે છે; તે બાબતનો આબેહુબ ચિતાર આપવામાં આવ્યો છે; કે જે વાંચવાથી આનંદની લેહેરીઓ છુટવાની સાથે અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત થશે. વાચકવર્ગ જેમ જેમ તેમાં પ્રવેશ કરતો જશે, તેમ તેમ તેની વૃત્તી પ્રફુલ્લીત થતી જશે. આખા પુસ્તકનો ખરો મર્મ ધ્યાનપર લેવાથી આત્મા કોમળ અને દયાથી યુક્ત થશે. માટે દરેક જૈન ભાઇઓએ જ્ઞાનની વૃદ્ધિ કરવા જૈન ધર્મ સંબંધી પુસ્તકો ગ્રહણ કરી વારંવાર મનન કરવું, કે જેથી સદ્દબોધ પ્રાપ્ત થાય. આધુનીક સમયમાં ઘણા લોકોને રસીક એવા રાગ આ પુસ્તકમાં દાખલ કરવામાં આવેલ છે. આ પુસ્તક સુધારવામાં દ્રષ્ટીદોષથી જે કાંઇ ભુલ ચુક રહી ગઇ હોય, તે સુધારી વાંચવા કૃપાવંત થશો.

આકાશેઠના કુવાની પોળ,
અમદાવાદ.

પ્રસિદ્ધ કરનાર,
શ્રીભાવનદાસ રૂગનાથદાસ શાહ.
જૈન બુકસેલર.

जिनेश्वराय नमः

# જૈન સુબોધ ભકિતમાળા.

## પ્રભુ સ્તુતિ.

( સાધુજીને વંદણા નિત નિત કીજે, રવી ઉગમતે સૂરરે પ્રાણી—એ રાગ. )

પ્રભાતે ઉઠી પ્રભુ નામ લીઓને, દુઃખ દાલીદ્ર જાયરે પ્રાણી;
સેજ તળાઇને સુખ સંપદા, સંતોષ દિલ સદાયરે પ્રાણી—પ્ર૦ ૧
ખચિત કર્મો અષ્ટ ખપે છે, ભલી વિધ જ્ઞાન ભંડારરે પ્રાણી;
તિનિત નવલાં ભોજન ભાળો, સુખમય આ સંસારરે પ્રાણી—પ્ર૦ ૨
બુજવ્યા પ્રભુજીએ બહુ ભવ જીવો, મોકલ્યા મોક્ષ મોઝારરે પ્રાણી;
જન્મ મરણુના ફેરા ટાળ્યા, એ શું ઓછો ઉપકારરે પ્રાણી—પ્ર૦ ૩
ધર્મ હીરો જૈન ઝવેરીને હાથે, આવ્યો છે આવારરે પ્રાણી;
પારખું તેનું કરીલ્યો પ્રાણી, ગુણહીણુ રહો ન ગમારરે પ્રાણી—પ્ર૦ ૪
જગ મગ જ્યોત દયાની દેખો, અંતર જ્ઞાન ઉજાસરે પ્રાણી;
જીવની રક્ષા જડે નહીં બીજે, જૈનમાં એ ઉલ્લાસરે પ્રાણી—પ્ર૦ ૫
દુગતિ જાતો આતમા અટકે, સિદ્ધ ગતિ સુહાયરે પ્રાણી;

નારકી દુઃખ નિવારી નાખે, સુખ અખંડ સુહાયરે પ્રાણી–પ્ર૦ ૬
અથીર સંસાર આ કારમો જાણો, ઝાઝો દુઃખ જંજાળરે પ્રાણી;
સ્વારથના સહુ તો સમજી લ્યો, સમજુ લ્યો સંભાળરે પ્રાણી–પ્ર૦ ૭
ધર્મ કથામાં કાળ ગુમાવ્યો, એ ઉપયોગી અપારરે પ્રાણી;
એ વિણ જાયછે જાણો અવસ્થા, માની લો દુઃખનો મારરે પ્રાણીપ્ર૦૮
પાછલી રાતે કરો પડીકમણું, એથી પાપ અલોયરે પ્રાણી;
સાંજ સમે કરો સમજુ શ્રાવક, દિન દિન વેલા દોયરે પ્રાણી–પ્ર૦ ૯
અર્થ એના અંતરમાં લેજો, ઉપજે રસ અપારરે પ્રાણી;
સ્તવન સદા પ્રભુજીનું દીસે, સુખમય એમાં સારરે પ્રાણી–પ્ર૦ ૧૦
મૂઢમતિ મટી જાય મનુષ્યની, અનીત ભાવના ભાવેરે પ્રાણી;
નીચ ગતિ એનું નામ લીએ નહીં, ઉંચગતિ ઝટ આવેરે પ્રાણીપ્ર૦૧૧
શુદ્ધ મને વળી રોજ સામાયક, આદરજો અતિ ભાવરે પ્રાણી,
ભવ મનુષ્યનો ભલી વિધ આવ્યો, લીધો સુખનો લાવરે પ્રાણીપ્ર૦૧૨
સમદ્રષ્ટિ સહુ જીવની સાથે, રાખજો રૂદયાની માંયરે પ્રાણી;
અનુકંપા ઉર રાખજો ઝાઝી, કમી રેશે નહીં કાંયરે પ્રાણી–પ્ર૦ ૧૩
ધન્ય ધન્ય પ્રભુ વીરજીણંદને, સમતા રસ સદાયરે પ્રાણી;
કર્મ ખપાવીને કેવળ પામ્યા, સિદ્ધ ગતિમાં સુહાયરે પ્રાણીપ્ર૦ ૧૪
તપ જપનો નહીં પાર પમાયે, વેઠયા પરીસા અપારરે પ્રાણી;
એવિણુ કર્મ ખપે કહો કયાંથી, દીધાં દુઃખ વિદારરે પ્રાણી–પ્ર૦ ૧૫
એવા અરિહંત આપ આરાધો, મોટા મુજછો મિત્રરે પ્રાણી;
સુખ વિલાસ સદાનો સેવો, સિદ્ધના સુખનું ચિત્રરે પ્રાણી–પ્ર૦ ૧૬
રોગ સોગ રખડીને મરશે, અખંડ સુખ અપારરે પ્રાણી;

મળ મૂત્રાદિક કાયા મટશે, આવાગમન ન ધારરે પ્રાણી—પ્ર૦ ૧૭
આધિ વ્યાધિ ઉપાધિ અપારો, શામાટે તમે સેવોરે પ્રાણી;
દૂર કરો દુર્ગતિનો દરીયો, મળશે સુખમય મેવોરે પ્રાણી—પ્ર૦ ૧૮
ક્રોધ કસાઇને કાઢી મેલો, છેલો સુખભવ ભાલરે પ્રાણી;
અવગુણ વેરી વિદારી નાખો, દેખશો સુખ દીપમાલરે પ્રાણીપ્ર૦૧૯
વેરી હણ્યા પ્રભુ વીર પ્રભુજી, અવગુણ રૂપી આપરે પ્રાણી;
અરિહંત નામની ઉપમા એથી, છાપી ગુણની છાપરે પ્રાણી—પ્ર૦ ૨૦
સ્તુતિ કરે સુખ સામટું લેશો, દુઃખનો લોટ દળાયરે પ્રાણી;
સંસારનાં વળી કામ સદાયે, સિદ્ધ વળી થઇ જાયરે પ્રાણી—પ્ર૦ ૨૧
ઉત્તમ આ અવતાર પામીને, ધર્મ ન દિલ ધરાયરે પ્રાણી;
એળે ગયો અવતાર અતિશે, ચાર ગતિમાં ચરાયરે પ્રાણી—પ્ર૦ ૨૨
ભવ અનંતા ભૂંડે હાલે, દુઃખ દરીયામાં ડુબાયરે પ્રાણી;
એવું જાણી જિન મારગ જાણો, તેથી પાર તરાયરે પ્રાણી—પ્ર૦ ૨૩
શું વરણું ગુણ વીર પ્રભુના, મૂઢમતિ હું આજરે પ્રાણી;
દોષિત છું દુનીયામાં ઝાઝો, મારી રેશે કેમ લાજરે પ્રાણી—પ્ર૦ ૨૪
કર્મરૂપી આ મેલ મળ્યો છે, આતમા સાથે અપારરે પ્રાણી;
ધર્મરૂપી જો ધોબી મળે તો, શુદ્ધ કરે સુખકારરે પ્રાણી—પ્ર૦ ૨૫
કોણ ગજાનો હું માનવી કાચો, સાચો ન ભેદ સુહાયરે પ્રાણી;
શી ગતિ મારી સદાની થાશે, એ ચિંતા ઉર થાયરે પ્રાણી—પ્ર૦ ૨૬
ભરોંસો છે ભગવંતનો સાચો, જાણું નહીં હું જરાયરે પ્રાણી;
દોષ ક્ષમા કરનાર છો દાતા, સુખ સદાનું થાયરે પ્રાણી—પ્ર૦ ૨૭

મહંતના ગુણ મોટા હોયે, છોટા છોરૂ સમાનરે પ્રાણી;
પુત્ર પ્રતે પિતા ખુશી હોયે, અતિ હોયે અજ્ઞાનરે પ્રાણી-પ્ર૦ ૨૮
સવંત ઓગણી સોને બાવન, સારી સાલ સુખાલરે પ્રાણી;
માર્ગશિરે મન માળા ગુંથી, જુઠ જાણીને જંજાળરે પ્રાણી-પ્ર૦ ૨૯
કૃષ્ણપક્ષની અષ્ટમી કહીયે, શોભીતો સોમવારરે પ્રાણી;
અરિહંત ગુણ ઉલ્લાસ થયાથી, સ્તવન કર્યું સુખકારરે પ્રાણી-પ્ર૦ ૩૦
અમરેલી મધ્યે સ્થાનકની પાસે, રેઠાણ છે રંક દાસરે પ્રાણી;
**શામજી** કહે છે સદા પ્રભુ નામે, મારે ઉર ઉલ્લાસરે પ્રાણી-પ્ર૦ ૩૧

---

## શ્રી ઋષભદેવ સ્વામિનું સ્તવન.

---

માતા મારૂદેવીના નંદ, દેખી ત્હારી સુરતી મ્હારૂં ચીત લોભાણુંજી;
મ્હારૂં દીલ લોભાણુંજી, દેખી ત્હારી સુરતી મ્હારૂં મન લોભાણુંજી—એ ટેક.

કરૂણા સાગર કરૂણા નાગર, કાયા કંચનવાન;
ધોરી લંછન પાઊલે કાંઇ, ધનુષ્ય પાંચસે માન. માતા.૧
ત્રીગડે બેસી ધર્મ કહંતા, સુણે પરખદા બાર,
જોજન ગામની વાણી મીઠી, વરસંતી જલધાર. માતા.૨
ઉર્વશી રૂડી અપસરાને, રામાછે મન રંગ;
પાયે નેપુર રણઝણે, કાંઈ કરતી નાટારંભ. માતા. ૩

તુંહી બ્રહ્મા, તુંહી વિધાતા, તું જગ તારણહાર;
તુજ સરીખો નહી દેવ જગતમાં,અડવડીયા આધાર. માતા.૪
તુંહી ભ્રાતા તુંહી ત્રાતા, તુંહી જગતનો દેવ;
સુરનર કીન્નર વાસુદેવા, કરતા તુજ પદ સેવ. માતા.૫
સંઘ ચતુર્વિધ તીરથ કેરો, રાજા રૂષભ જીણંદ;
કીર્તિ કરે માણેકમુનિ તાહરી, ટાળો ભવના ફંદ. માતા.૬

---

## કોશ્યા અને સ્થૂલીભદ્રનો સંવાદ.

---

( રાગ—ભેખરે ઉતારો રાજા ભરથરી. )

**કોશ્યા**—વેશ જોઇ સ્વામી આપનો, લાગી તનડામાં લાહ્યજી,
અણધાર્યું સ્વામિ આ શું કર્યું, લાજે સુંદર કાયજી;
કોણ ધુતારે તમને ભોળવ્યા. ૧
આવી ખબર હોત તો, જાવા દેત નહી નાથજી;
છેતરી છેહ દીધો મને, પણ નહીં છોડુ સાથજી. કોણ.૨
**સ્થુલીભદ્ર**—બોધ સુણી સુગુરૂતણો, લીધો સંજમ ભારજી,
માતપીતા પરિવાર સહુ, જુઠો આળ પંપાળજી;
નથી ધુતારે મને ભોળવ્યો. ૩
એવી જાણી કોશ્યા સુંદરી, ધર્યો સાધુનો વેશજી;
આવ્યો ગુરૂની આજ્ઞા લઇ, દેવા તુને ઉપદેશજી. નથી.૪
**કોશ્યા**—કાલ સવારે ભેગા રહી, લીધા સુખ અપારજી,
તે મને બોધ દેવા આવીયા, જોગ ધરી આ વારજી;

જોગ સ્વામી અહિં નહી રહે. ૫
કપટ કરી મને છોડવા, આવ્યા તમે નિરધારજી;
પણ છોડું નહી કદી નાથજી, નથી નારી ગમારજી.જોગ.૬
**સ્થુલીભદ્ર**–છોડયા માત પિતા વળી, છોડયો સહુ પરીવારજી,
રીદ્ધિ સીદ્ધિ મેં તજી દીધી, માની સઘળું અસારજી;
છેટી રહી કરે વાત તું. ૭
જોગ ધર્યો અમે સાધુનો, છોડયો સઘળાનો પ્યારજી;
માત સમાન ગણું તને, સત્ય કહું નીરધારજી. છેટી. ૮
**કોશ્યા**–બાર વરસની પ્રીતડી, પળમાં તુટી ન જાયજી;
પસ્તાવો પાછળથી થશે; કહું લાગીને પાયજી. જોગ. ૯
નારી ચરિત્ર જોઇ નાથજી, તુરત છોડશો જોગજી;
માટે ચેતો પ્રથમ તુમે, પછી હસશે સહુ લોકજી.જો.૧૦
**સ્થુલીભદ્ર**–ચાળા જોઈ તારા સુંદરી, ડગું નહીં લગારજી;
કામશત્રુ મેં કબ્જ કર્યો, જાણી પાપ અપારજી. છેટી.૧૧
છેટી રહી ગમે તે કરે, મારા માટે ઉપાયજી;
પણ તારા સામું જોઉં નહિં, શાને કરે હાય હાયજી.છેટી.૧૨
**કોશ્યા**–માછી પકડે છે જાળમાં, જળમાંથી જેમ મીનજી;
તેમ મારા નેત્રના બાણુથી, કરીશ તમને આધીનજી.જો.૧૩
ઢોંગ કરવા તજી દઇ, પ્રીતે ગ્રહો મુજ હાથજી;
કાળજું કપાયછે માહરૂં, વચનો સૂણીને નાથજી. જોગ.૧૪
**સ્થુલીભદ્ર**–બાર વરસ તુજ આગળે, રહ્યો તુજ આવાસજી;

વિધવિધ સુખ મેં ભોગવ્યા, કીધા ભોગ વિલાસજી.
આશા તજો હવે માહરી. ૧૫
ત્યારે હતો અજ્ઞાન હું, હતો કામનો અંધજી;
પણ હવે તે રસ મેં તજ્યો,સૂણી શાસ્ત્રના બંધજી.આશા.૧૬
કોશ્યા–જ્ઞાની મુનિ ને ઋષિઓ, મોટા વિદ્વાન ભૂપજી;
તે પણ દાસ બની ગયા, જોઇ નારીનું રૂપજી. જોગ.૧૭
સાધુપણું સ્વામિ નહિં રહે, મિથ્યા વદુ નહિ લેશજી.
દેખી નાટારંભ માહરો, તજશો સાધુનો વેશજી.જોગ.૧૮
**સ્થુલીભદ્ર**–વિધ વિધ ભૂષણો ધારીને, સજી રૂડા શણગારજી;
પ્રાણ કાઢી નાંખે તાહરો, કુદી કુદી આ ઠારજી. આશા. ૧૯
તોપણ સામું જોઉં નહી, ગણું વિખ સમાનજી;
સૂર્ય ઉગે પશ્ચિમ કદી,તોપણ છોડું ન માંનજી.આશા.૨૦
કોશ્યા–ભિન્નભિન્ન નાટક મેં કર્યાં, સ્વામિ આપની પાસજી,
તોપણ સામું જોઈ તમે, પુરી નહી મન આશજી;
હાથ ગ્રહો હવે માહરો. ૨૧
હસ્ત જોડી હવે વિનવું, પ્યારા પ્રાણજીવનજી,
બાર વરસની પ્રીતડી, યાદ કરો તમે મનજી. હાથ. ૨૨
**સ્થુલીભદ્ર**–ચેત ચેત કોશ્યા સુંદરી, શું કહું વારંવારજી,
આ સંસાર અસાર છે, નથી સાર લગારજી;
સાર્થક કરો હવે દેહનું. ૨૩
જન્મ ધરી સંસારમાં, નહી ઓળખ્યો ધર્મજી,

વિધ વિધ વૈભવ ભોગવ્યા, કીધાં ઘણાં કુ કર્મજી. સાર્થક.૨૪
તે સહુ ભોગવવું પડે, મુઆ પછી તમામજી;
અધર્મિ પ્રાણીને મળે નહિં, શરણું કોઈ ઠામજી.સા.૨૫
સિંધુ રૂપી સંસારમાં, માનવ મીન રૂપ ધારજી;
જંજાળ જાળરૂપી ડગડગે, કાળરૂપી મચ્છીમારજી સા.૨૬

**કોશ્યા**–વિષય રસ વહાલો ગણી, કીધા ભોગ વિલાસજી,
ધર્મનાં કાર્ય કર્યાં નહિ, રાખી ભોગની આશજી;
ઉદ્ધાર કરો મુનિ માહરો, ૨૭
વ્રત ચુકવવા આપનું, કીધાં નાચ ને ગાનજી;
છેડ કરી મુનિ આપની, બની છેક અજ્ઞાનજી. ઉ. ૨૮
બાર વરસ સુખ ભોગવ્યું, ખરચ્યા ખુબ દીનારજી,
તોએ હું તૃપ્ત થઈ નહિ, ધિક મુજ ધિક્કારજી. ઉ. ૨૯
શ્રેય કરો મુનિવર માહરૂં, બતાવી શુભ જ્ઞાનજી;
ધન્ય ધન્ય છે આપને, દીસો મેરૂ સમાનજી. ઉ. ૩૦

**સ્થુલીભદ્ર**–છોડી મોહ સંસારનો, ધારો શીલવ્રત સારજી,
તો સુખસાંન્તિ સદા મળે, પામો ભવજળ પારજી.સા.૩૧

**કોશ્યા**–ધન્ય મુનિવર આપને, ધન્ય સકડાળ તાતજી,
ધન્ય સંભુતિ વિજયમુનિ, ધન્ય લાંછનદે માતજી;
મુક્ત કરી મોહજાળથી. ૩૨

**સ્થુલીભદ્ર**–આજ્ઞા દીઓ હવે મુજને, જાઉ મુજગુરૂ પાસજી,
ચોમાસું પુરૂં થયા પછી, સાધુ છંડે અવાસજી;
રૂડી રીતે. શીયળવ્રત પાળજો. ૩૩

કોશ્યા-દર્શન આપજો મુજને, કરવા અમૃતપાનજી,
સુર ઇંદુ કહે સ્થુલીભદ્રજી, થયા સિંહ સમાનજી;
ધન્ય છે મુનિવર આપને. ૩૪

## મહાવીરસ્વામિનું સ્તવન.

( રાગ ઓધવજી સંદેશો કહેજો શામને. )

પંથીડા સંદેશો કે'જો મારા નાથને,
વર્ધમાન જે ચોવીશમા જીનરાયજો;
રાજ ઇહાંથી સાત ઉંચા તમે જઇ રહ્યા,
ધ્યાતાં નરના બેઠા હૃદય મોઝારજો. પંથીડા. ૧
જે દીનથી પ્રભુ આપ ઇહાંથી સીધાવ્યા,
તે દીનથી પ્રભુ જ્ઞાન ખજાનો લુંટાયજો;
આપે જે નર રક્ષા કાર કર્યા હતા,
તે તો સર્વે આપ કેડે સિધાય જો. પંથીડા. ૨
આપે જે પ્રભુ ધર્મવૃક્ષ રોપ્યો હતો,
તે તો ખંડો ખંડ કરી વેચાયજો;
દીગંબર સ્વેતામ્બર આદિ અનેકજો,
નિજનિજ મતીએ ગચ્છાગચ્છ ઠરાયજો. પંથીડા. ૩
કેવળ મન પ્રજવ દો નાશી ગયાં,
લઘુ ભ્રાતા તસ ઉહીનાણુ પણુ જાયજો;
આવ્યો અજ્ઞાન અંધારાને સાથે લઈ,

પ્રસર્યો ભરતના ચારે ખુણા માંયજો. પંથીડા. ૪
એ તો પંથ છતાંએ તૃપ્ત ન થયો,
તેણે કચ્છમાં એક અવધી પંથ જગાયજો;
કહે જીનદાસ મુંઝાયો પંથ દેખી ઘણા,
કેમ કરી પહોંચુ આપ કને સું કહેવાયજો. પંથીડા.૫

---

## જીવને ઉપદેશ.

---

( રાગ–અરે શું માનવનો અભિમાન. )

અરે જીવ જીનવરનું ધર ધ્યાન, તડાકે તરી જશે રે,
ખરેખર મારૂં કે'વું માન, ફડાકે ફરી જશે રે;
ફડાકે ફરી જશે રે, તડાકે તરી જશે રે. અરે જીવ. ૧
અસાર આ સંસાર માંહી, કંઈ સાચારે નથી,
લાલચમાં લપટાઈ મુરખ તું શું–રે મળી;
સમજી જા સેતાન. અરે જીવ. ૨
માતા પિતાને બંધવા, સ્વારથ સુધીના માનવા,
પ્રેમદા પ્રીતમને પ્યારીના, પણ એજ ખેલ પ્રમાણવા;
જ્યાં સુધી તુજમાં જીવ છે, ત્યાં સુધી તારા જાણવા,
મૂઆ પછી મસાણ ભણી, એ લાગે તુને તાંણવા. અરે જીવ. ૩

---

## સંતની શેવા વિષે.

શાણા સ્નેહથી કરીએ, એવા સંતોની સેવા;
જેને છે ના દુનિયાથી લેવા દેવા. શાણા. ૧
જગત રંગભૂમિ માથે, જનો કંઈક ખેલી ખેલી;
કાળના બન્યા છે કલેવા;
મિથ્યા અભિમાન મૂકી, ભજીએ જીનવરજીને;
મળશે મુક્તિના મીઠા મેવા. શાણા. ૨
સત્ય ધર્મ ત્યાગી સંતોને સંતાપે,
ક્રૂર બની નીશદીન દૈવથી ન ડરતા;
ખળજન દુષ્ટતા ને ધારે. સત્ય. ૩
ભકતો છે પ્રભુને પ્યારા, જગતને એ તારનારા;
તેને જે ઉપાધિ કરે, કર્મ એને સંહારે. સત્ય. ૪

## શ્રી મહાવીર સ્વામિનું સ્તવન.

( રાગ—કાનુડો શું જાણે મારી પ્રીત. )
જરી સામું જુઓ શ્રી માહાવીર,
હો ત્રીસલાના જાયા; જરી.
નરક ગતિનું દુઃખ નાથ નિવારો, (૨)
જમડા ત્યાં જાણે ચીરે ચીર;
ચીરે ચરરર રરર રરર. જરી. ૧

પશુ પંખીનો ભવ અમને ન આપો, (૨)
પાપીડા મારે છે તાણી તીર;
તાણી તરરર રરર રરર. જરી. ૨
જબરૂ જોખમ કરે ચાર જોદ્ધાઓ, (૨)
કાપો કુકરમી કથીર;
કાપો કરરર રરર રરર. જરી. ૩
પ્રબળ અનળ ભવ માંહિ બળુ છું પ્રભુ, (૨)
ઉચરૂ સું અરજી અધીર;
અરજી અરરર રરર રરર. જરી. ૪
કેવળ પામી સ્વામી અંતર જામી પ્રભુજી; (૨)
વસીઆ છો સીદ્ધ શીલ્લાને શીર;
વસીયા સરરર રરર રરર. જરી. ૫
માહાવીર મંડળ શિવ સુત કેશવને (૨)
આપ દયાના છાંટો નીર;
છાંટો છરરર રરર રરર. જરી. ૬

---

## શ્રી આદિનાથજીનું સ્તવન.

---

( રાગ–મેહેતાજીરે શું મહી મુલ બતાવું. )

આદીનાથજી રે વિનંતી કરૂં તે સ્વિકારો,
મુને આશરો છે પ્રભુ તારો;
રિખભજીરે વિનંતી કરૂં તે સ્વિકારો,

મુને આશરો છે પ્રભુ તારો. આદી. ૧
મને મોક્ષ મારગ દેખાડોરે,
જેથી પામીએ ભવનો પારોરે;
જિનજીરે કૃપા કરી ને બતાવો,
મુને આશરો છે પ્રભુ તારો; આદી. ૨
મુજને આ ભવથી ઉગારોરે,
હવે નથી બીજો કોઇ આરોરે;
પ્રભુજીરે પુણ્યના દ્વાર ઉઘાડો,
મુને આશરો છે પ્રભુ તારો. આદી. ૩
મુજ મન છે પ્રભુ વાહલો રે,
મારી અરજ તમે અવધારો રે;
ગુણવંતારે ગુણ ગાઉછું તમારો,
મુને આશરો છે પ્રભુ તારો. આદી. ૪
મારા કષ્ટ તમે નિવારો રે,
તુમ સેવકને વળી તારો રે;
સુખદાતા રે જૈન ધર્મ છે સારો,
મુને આશરો છે પ્રભુ તારો. આદી. ૫

---

## શ્રી ઉપદેશી સઝાય.

( રાગ–મારા હૈયા કેરા હાર, નજર કયાં આવશોરે. )

સમજાવું છું સમજ સખા તું સાનમાંરે,
બીજાજ તું મેલીદે મનનો, ઘડીભરૂંસો નથી તુજ તનનો;

મરડામાં તું મુઢ પણાથી માનમાંરે. સમજાવું. ૧
અસંખ્ય જન્મ ધર્યા ધરણીના, લીલ ફુલ પાંચે વરણીનાં;
દુરીત દ્રષ્ટથી આવ્યો નહિં, અવસાનમાં રે. સમજાવું. ૨
ઘણાં વરસ ધનંરસમાં ગાળ્યા, પાવક બની બહુ પ્રાણ પ્રજાળ્યા;
તરફડીયો તું તીમીરપણાના તાનમાંરે. સમજાવું. ૩
જગત પ્રાણુનો જન્મ ધરીને, સમય ગુમાવ્યો ફરીફરીને;
વાત બધી તું ધરી રાખજે ધ્યાનમાં રે. સમજાવું. ૪
ત્યાં કયાં માન હતું જરી ત્હારૂં, દીલ હતું જ્યારે દુખીયારૂં.
ભૂલી ગયો તું વખત બધો બેભાનમાં રે. સમજાવું. ૫
મળ્યો જન્મ આ મહાસંકટથી, વિચાર કર વ્હાલા તુજ ઘટથી;
અથડામાં તું અંધ બની અજ્ઞાનમાં રે. સમજાવું. ૬
સંતતણો સેવક સંભળાવે, ભવીકજીવને ભરપુર ભાવે;
**ગયો વખત નહિં આવે**, કહું છું કાનમાં રે. સમજાવું. ૭

## જીવને ઉપદેશ.

( રાગ—છંદડાનો. )

પ્રાણી મારૂં મારૂં તુ શું કરે રે, તલભારે નથી તુજ કાંઈજીવડા;
ભજી લેને માહાવીરના નામનેરે, તેથી તરીશ આ સંસાર તુજ જીવડા.
**સાખી**-લટપટ ખટપટ છોડીને, સ્તવજે શ્રી જીનરાજ;
જીન નામ જપવા થકી, તારૂં સૌ સુધરશે આજથી રે.
તેથી તરીશ આ સંસાર તુજ જીવડા. પ્રાણી. ૧

**સાખી**--અમપર હે જીનરાજજી, કર કરૂણા જગનાથ;
માહાવીર મંડળી મન થકી, વંદે છે વારંવારથી રે.
તેથી તરીશ આ સંસાર તુજ જીવડા. પ્રાણી. ૨

## શ્રી વીર પ્રભુને વિનંતી.

( રાગ. આવ્યા ભાઇ દુઃખના દહાડા. )

પ્રભુ મુજ અંતર જામી હો. પ્રભુ (૨)
અંતરની અડચણો આપ કને ભાખીએ;
અમે કહીએ શીરજ નામી હો. પ્રભુ (૨)
સેવકનાં દુઃખ દયા કરીને કાપીએ.
**સાખી**--પાપો ઘણાં કીધા તણામાં, કશીજ રાખી નહિ મણા;
એવા અઘોર કુકૃત્ય કર્મો, આ જીવે કીધા ઘણાં. પ્રભુ.
**સાખી**--પ્રભુજી હવે તું તારને, સંસારમાં છે દુઃખ ઘણાં;
ગુણ ગાએ માહાવીર મંડળી, હમેશાં પ્રભુજી તણાં. પ્રભુ.

## શ્રી મહાવીર સ્વામિનું સ્તવન.

( રાગ—આશાવરી. )

વીરજીણંદ ગુણગ્રામરે, ગાઓ વીરજીણંદ ગુણગ્રામ; (૨)
અશરણ શરણે કૃપાળ દયાળુ. વીર. ૧
અર્જુનમાળી જે ધુર પાપી, ઉધરીઓ શિક્ષણ શુભ આપી;

મેઘ કુંવરને વૃત્ત સ્થિર સ્થાપી, રાખ્યું જગમાં નામ રે. ગાઓ. ૨
અડદના બાકુળા લેઇને તારી, ચંદન બાળા સાધવી સારી;
ચંડકોશીચો નાગ ઉધારી; ત્રીભોવન જન વીશ્રામ રે. ગાઓ. ૩
મંખલી પુત્ર મળ્યો દુઃખદાઈ, બોધ બીજ આપ્યું હીત લાઈ;
બલીહારી જાઉં તુજ પ્રભુતાઇ, દીસે નહિં કોઇ ઠામરે. ગાઓ. ૪
પ્રભુ ગુણ ગળ ગંગા જળ નાંહી, સ્તવના સાંકળચંદે ગાઇ;
માહાવીર મંડળે નિત્ય વધાઈ, આપો અવિચળ ધામ રે, ગાઓ. ૫

---

## શ્રી મહાવીર સ્વામિનું સ્તવન,

( રાગ ધીમા ધીમા ચાલોને મારા પ્રાણરે. )

જરી સામું જુઓને માહાવીર રે,
ચાર ચોરે લુંટારાઓ લુંટી જશે,
વૈરી કેડે થશે ધર્મધીર રે. જરી. ૧

**સાખી**–મોહ જગત જંગલ વિષે, વીરચે માયા જાળ;
સપડાવી જગજીવને, ઠાર કરે તત્કાળ,
અમ સરખા પતીતોની વ્હારે તમે,
જગનાથ કૃપાળુના શરણે અમે, નામુ શીર રે. જરી. ૨

**સાખી**–અરજુન માળી ઉધર્યો, તાર્યો મેઘકુમાર;
તારી ચંદન બાળીકા, એ તારો ઉપકાર.
ભવસિંધુ તારોને ત્રાતા તમે,
વીરમંડળ સાકળચંદે નમે, તારો તીર રે. જરી. ૩

# કન્યાવિક્રયનો કેરદર્શક સંવાદ.

## તેમાં મહાજન તરફથી અપાતા ઉત્તેજનનો આબેહૂબ ચિતાર.

પાત્રો—(અ) લોભીપુર નગરના મહાજનના શેઠો.

૧. મફતચંદ. ૨. નવરાલાલ. ૩. અમથાલાલ.

(બ) ૧. **ચીમનલાલ**—ગુજરાતથી વરવા આવેલા ઘરડા વરનો મુનીમ.

૨. કેશવલાલ—**લોભીપુરના મહાજનનો નોકર.**

### મંગળાચરણ.

સર્વ પાત્રો—( ગોકળીઉં નાનું ગામડીઉં—એ રાગ. )

પડી ચરણે પ્રભુ શરણે રહી કરૂં એક અરદાસ (૨) ટેક.
મેવા મીઠાઇ, માગું ન કાંઈ; (૨)
પ્રભુ માગું પાર ઉતારો, અવર હિતનો આ પ્રયાસ. પડી. ૧
લોભ લૂટારો, અન્ય હજારો; (૨)
જોઇ ચારે તિરથ લૂંટી જતા તનમાં છુટે ત્રાસ. પડી. ૨
જયાં સુધી મારૂં, તન આ રે'નારૂં; (૨)
આ અવનિ ઉપર સૌની કરૂં સેવા એજ આશ. પડી. ૩

કુમતિ સુધારો, સુમતિ વધારો (૨)
જગ વલ્લભ ! વંદન કરીએ વીર ત્હારા અમે દાસ. પડી. ૪
( સ્થળ—રસ્તો–નવરાલાલ શેઠની દુકાન પાસે. )

**નવરાલાલ**—( નવરાલાલ શેઠ તેમની દુકાનના પાટીઆ નજીક ઉભા છે, તેવામાં રસ્તા ઉપર મફતચંદ શેઠને ડ્રેસનો ઠાઠમાઠ મારી સપાટાબંધ ચાલ્યા જતા જોઇને) કેમ, મફતચંદ શેઠ ! ઓ મફતચંદ શેઠ ! આવો, આવો ! આમ ઉતાવળા ઉતાવળા શીદ (કયાં) જાઓછો ?

**મફતચંદ**—( જરા થોભીને, નવરાલાલ પાસે આવીને )–ઓહોહો ! નવરાલાલ શેઠ, માફ કરજો હો ! મારૂં ધ્યાન નહોતું, એટલે આપને મળ્યા વગર ચાલ્યો જતો હતો; મેં એમ ધાર્યું કે તમે દુકાને નહીં હો, અને મહાજન ભેગું થાય છે, ત્યાં ગયા હશો !

**નવરાલાલ**--હા, શેઠ સાહેબ, હું દુકાન બંધ કરીને જવાની તૈયારીમાંજ હતો, પણ ત્યાં આપને જોયા, એટલે આપણે બંને સાથે જઇએ તો ઠીક, એમ ધારી તમારી વાટ જોઇને ઉભો હતો; ઠીક, પણ મહાજન શા માટે ભેગું થાય છે, અને કોણ ભેગું કરે છે, તે તમે જાણો છો ?

**મફતચંદ**--મને પૂરેપૂરી કાંઇ ખબર નથી, તમે વાત કરો તો ખબર પડે.

**નવરાલાલ**—તમને કાંઈ ખબર નથી, ત્યારે શું જોઈને એટલી બધી ઉતાવળથી દોડયા જતા હતા ? જે કામ માટે જવું હોય, તેનો કાંઈક અગાઉથી વિચાર બાંધીનેજ જવું જોઇએ, તે વગર ત્યાં જઈને શું હજામત કરાવવી ?

**મફતચંદ**—મારા મનમાં એમ કે, ત્યાં જઈને કોઇને પૂછી લઈશ, પણ હવે તમારો ભેટો થયો, તો સવિસ્તર હકીકત મને મહેરબાની કરીને જણાવો.

**નવરાલાલ**—સાંભળો; આપણા આ લોભીપુરનગરમાં આજરોજ પ્રભાતના પહોરમાં લપોડદાસશેઠે પોતાની ૧૦ વરસની ઉમરની દીકરીનું, ગુજરાતમાંથી વરવા આવેલા ૮૦ એંશી વરસના ઘરડા વરની સાથે વેવીશાળ કર્યું; વર, કન્યાની ઉમરમાં ઝાઝો ફેર નથી; ૧૦×૮=૮૦ ( દાય અઠીએ એંશી ); કન્યાથી વરની ઉમર ફક્ત આઠગણી છે. અરેરે ! શેઠ સાહેબ, વધારે કહેતાં મારી જીભ ઉપડતી નથી; આ વાતની અમથાલાલ સેઠ, જે આપણી નાતના આગેવાન છે, તેમને ખબર પડતાં, તેમણે યોગ્ય પગલાં ભરવા માટે, મહાજનને ભેગું કરવાની હીલચાલ કરી છે.

( છોટી બામનકી–એ રાગ. )

કેમ વાત કરૂં (૨)–કાયા કંપે મારી શું ઉચરૂં ? (૨) ટેક.
દશ વરસની દીકરી તે, ડોસાને દઈ દીધી;
લપોડ શેઠે લહેર માણવા, મ્હોર હજારો લીધી. કેમ. ૧.

**મફતચંદ**—અરે ! અજબ આ ગજબ થયો શું,
જુએ ન કાજ અકાજ;
નાત બ્હાર નકટાને મૂકો, ત્યારે વળશે લાજ. કેમ. ૨
**નવરાલાલ**—કેમ. ૨.... .... ....
પૃથ્વી ઉપર પાપ વધ્યું છે, ઊંચ કરે નીચ કામ;
દયા ઉઠી ગઇ દિલથી, રાખ્યું માત્ર જૈનનું નામ. કેમ. ૩

* * * *

( એવામાં મહાજનનો નોકર **કેશવલાલ**, શેઠીઆઓને બોલાવવા આવે છે. )

**કેશવલાલ**—(દોડતો આવીને, મોટેથી ઉતાવળો ઉતાવળો) અરે ! મ્હારા મહેરબાનો, હવે તો પધારો ! સર્વ શેઠીઆઓ તમારી રાહ જોઇને બેશી રહ્યા છે; માટે જલદી પધારો !

**મફતચંદ**—અમે આંહી નવરા નથી બેઠા કે, તારો અમથાલાલ શેઠ જ્યારે કહે ત્યારે અમારે હાજર થવુંજ જોઈએ; જા, બીજાને હજુ ભેગા કર, ત્યાં અમે આવી પહોંચશું.

**કેશવલાલ**—શેઠજી ! હવે કોઇ આવવું બાકી નથી ! આપ બંને ગૃહસ્થો પધારો એટલે મહાજન સભાનું કામ હાથમાં લ્યે.

**નવરાલાલ**—ઠીક, જા ! આવીએ છીએ ! કાંઇક

કામમાં હોઇએ તો વચ્ચે ન બોલવું જોઇએ, એટલું સમજે છે કે નહિ !

**કેશવલાલ**—શેઠ સાહેબ ! માફ કરો. મારી ભૂલ થઈ. ( નમીને જાય છે; સ્વગત ) આ શેઠીઆ અત્યાર સુધી આવતા નથી, ને ઉભા ઉભા વાત કરે છે, એટલે નક્કી કાંઇક જાણવા જેવું હશે. વાણીઆ કાંઇક લાભે લોભે ખુવાર થતા હશે ! માટે એક બાજુ સંતાઈને ગુપ ચુપ સાંભળું.

* * * *

( એટલામાં ઘરડા ગુજરાતી વરનો મુનીમ ' **ચીમનલાલ** ' ગુજરાતી ડ્રેસમાં ઠાઠમાઠ મારી હાથમાં હજાર હજાર રૂપીઆની બે કોથળીઓ તથા ૧૦૦૦ રૂપીઆની એક નોટ ખીસામાં રાખીને આવે છે. )

**ચીમનલાલ**—( સલામ કરીને શેઠીઆઓને ) મહેરબાન, શેઠ સાહેબ !

**મફતચંદ**—ભાઇશ્રી; તમારે કયાં રહેવું ? અને તમારૂં નામ શું ? તમે અહીંના રહેવાશી જણાતા નથી; આ કોથળીઓ અહીં શા સારૂ લાવ્યા છો ?

**ચીમનલાલ**—શેઠજી ! મારૂં નામ ચીમનલાલ છે; અમે ગુજરાત દેશના રહેવાશી છીએ; આ લોભીપુર ગામમાં ગુજરાતના વર, કન્યાની શોધ માટે આવ્યા છે,

તેમનો હું મુનીમ છું; અને તે મારા શેઠના હુકમથી હું આપની પાસે અરજ કરવા આવ્યો છું.

**નવરાલાલ**—ચીમનભાઇ ! તમારે જે કાંઇ અરજ કરવી હોય તે તુરત જ કરી લ્યો; કેમકે અમારે પાછું મહાજનની મીટીંગમાં જવું છે. માટે જલદી બોલો.

**ચીમનલાલ**—બહુ સારૂં શેઠ સાહેબ; ત્યારે કૃપા કરી ધ્યાન દઇને સાંભળોઃ—

રાગ—ધનાશ્રી.

લાવ્યો સંદેશો સાર, મહાજન મારા, લાવ્યો. (૨) ટેક.
શેઠ મારા છે, ગુજરાતવાસી (૨); ધન તણો નહીં પાર. મહા. ૧
પુત્રી ઘણી જેને, પુત્ર ન એકે (૨); પરણ્યા છે નારી બાર. મહા. ૨
કન્યા કુંવારી, ગોતીને વરવા (૨); આવ્યા આ ગામ મોઝાર. મહા. ૩
માંડ કરી મળી, કન્યા અમોને (૨); કરશો હવે ન ખુવાર. મહા. ૪
શેઠ તમે છો, મુખી મ્હાજનના (૨); કરો અમારી વાર. મહા. ૫
રૂપીઆ હજારની, થેલી લીઓ આ (૨); શેઠે કહ્યા છે જુહાર. મહા. ૬
કામ અમારૂં, કરી દીઓ તો (૨); હજી અપાવું હજાર. મહા. ૭

* * * *

( ઉપરના ગાયનમાં છઠ્ઠી કડીના,—" થેલી લીઓ આ "—એ શબ્દો બોલતી વખતે ચીમનલાલ, બંને શેઠને અકેકી થેલી આપે છે, શેઠીઆઓ નીચું જોઇ ચુપચુપ તેનો સ્વીકાર કરે છે. ).

**નવરાલાલ**—કેમ, મફતચંદ શેઠ, તમારો શું વિચાર થાય છે ? આ બાપડા ગુજરાતી બહુ દુઃખીઆ છે, હો ! લાખો રૂપીઆ ખુવાર કર્યા હશે, તોપણ શેઠને એકે દીકરો થતો નથી; આપણા ગામમાંથી એમને ઘણી મહેનતે કન્યા મળી તેમાં જો આપણે વિઘ્ન નાંખીશું, તો તેમને " પડયા ઉપર પાટુ " માર્યા જેવું થશે; હવે જેમ તમારો મત થતો હોય એમ કરીએ.

**મફતચંદ**—નવરાલાલ ભાઇ; મને પણ એ ગુજરાતી ડોસાની બહુ દયા આવે છે. એમને પજવવામાં આપણને કાંઇ નફો નથી. એક તો આપણે કન્યાવિક્રય થતો અટકાવી કન્યાનું હિત કરવા જઇએ, આપણે ધંધો પાણી મુકી રાત દિવસ ખુવાર થઇએ, એટલું જ નહિ પણ ઉલટો કન્યાનો બાપ લપોડદાસ શેઠ આપણી ઉપર ક્રોધે ભરાઇ, દુશ્મનાઇ રાખે. એવી ખુવારીમાં આપણે નાહક,-વિના સ્વાર્થે શા માટે ઉતરવું જોઇએ ?

**નવરાલાલ**—વળી જો કન્યાના કર્મમાં સારૂં હશે તો એની મેળે સારૂં થશે. કર્મના કાયદા આગળ કોઇનો ઉપાય નથી; ગુજરાતી ડોસાના ઘરમાં પૈસો પુષ્કળ છે, એટલે, ખાવા પીવામાં કે પ્હેરવા ઓઢવા વિગેરે મોજ મજામાં કન્યા કોઇ રીતે દુઃખી થશે નહિ. માટે જેમ થતું હોય તેમ થવા દો, આપણે બિલકુલ વચ્ચે પડવું નહીં.

કેમ, ચીમનલાલભાઈ, તમે હવે ખુશી થયા કે નહીં ?

**ચીમનલાલ**—જી, હા, શેઠ સાહેબો ! આપની અમારા ઉપર કૃપા થઈ એટલે અમારૂં કામ હવે ચોકસ પાર પડશે.

( નફ્ટ નિર્લજ નકટા નરસૈયાની—એ રાગ. )

ધન્ય ! ખરેખર દીન દુખો હર નરવર શેઠ તમે છો સુજાણ (૨)

**મફતચંદ**—પૈસા લઈ વેચે, પુત્રી પિતા એનો (૨);
આપણને એમાં શું નુકશાન—

**ચીમનલાલ**— ધન્ય. ૧.

**નવરાલાલ**—કન્યાના કર્મમાં, માંડયા જો પથ્થર, (૨);
કયાંથી મળે ભાઇ, હીરાની ખાણ—

**ચીમનલાલ**—ધન્ય.–૨. દુર દુર દેશેથી દુઃખીઆ અમે
આવ્યા (૨)

**નવરાલાલ અને મફતચંદ**—( સાથે ) કરશું હવે
નહીં, તમને હેરાન—

**ચીમનલાલ**— ધન્ય. ૩

**નંવરાલાલ ને મફતચંદ** ( સાથે ) વીવા કરો ભલે, રંગ
ઉમંગેથી (૨) વીવામાં વિઘ્ન નાંખે તે નાદાન—

**ચીમનલાલ**— ધન્ય. ૪

( આ ગાયનની નીચે લખેલી અમથાલાલ
તથા કેશવલાલની વાતચીત પછી )

**મફતચંદ**—માગ્યા વિના, મન માન્યું મળ્યું ધન (૨);
**નવરાલાલ**—સ્હેજે મળે તે તો દૂધ સમાન-(ચીમન.) ધન્ય. ૫

( ઉપરના ગાયનની ચોથી અને પાંચમી
કડીની વચ્ચેની વાતચીત )

**અમથાલાલ**—( મહાજનની મીટીંગમાં ઘણી વાટ જોવા છતાં મફતચંદ તથા નવરાલાલ નહિ આવવાથી, તેમજ તેમને બોલાવવાકે શવલાલને મોકલેલો, તે પણ પાછો જવાબ દેવા નહિ આવવાથી, શંકાશીલ થઇને શેઠીઆઓ શું કામમાં રોકાયા છે તેનો તપાસ કરવા આવે છે, ત્યાં છેટેથી કેશવલાલને જોઇને )–અરે ! કેશવલાલ, તું ત્યારનો અહીં શું કરે છે, તું જવાબ દેવા પણ ન આવ્યો ?

**કેશવલાલ**—(નાક ઉપર આંગળી મુકીને "ચૂપ થવાની અને ધીમે બોલવાની " નિશાની કરીને ) અમથાલાલ શેઠ, તમે સાંભળો તો ખરા, એ બંને શેઠ, અહીં કયારના ઉભા છે; ને પેલા ગુજરાતીની સાથે કાંઇક સંતલસ કરે છે, અને તે હું આંહી સંતાઇને ઉભો ઉભો સાંભળું છું, તમો પણ જરાવાર આંહીં ઉભા રહીને સાંભળો !

**અમથાલાલ**—( ઉપરના ગાયનની પાંચમી કડી બોલાય છે તે સાંભળીને ) આ તો, કાંઇક નાણુંના જોગ કરતા હોય એમ લાગે છે. રખેને કાંઇ દગો હોય; ચાલ, ત્યાં જઇ યુક્તિથી બધી વાત કઢાવું, ને પોકળ ખુલ્લું

કરૂં. ( શેઠીઆઓ વાતો કરે છે ત્યાં જાય છે. એટલે તેઓ પોતાના હાથમાંની કોથળીઓ સંતાડવા માટે, બંને હાથ પીઠ પાછળ રાખે છે )

**નવરાલાલ તથા મફતચંદ**—( અમથાલાલને દેખી ) પધારો ! પધારો ! અમથાલાલ શેઠ, તમારે જાતે આંહી આવવું પડ્યું ? અમને આવતાં જરા વાર લાગી ગઇ તેને માટે માફી માગીએ છીએ, હો !

**અમથાલાલ**—એની કાંઇ હરકત નહીં, પણ વાત તો કરો, એવડા બધા કયા મોટા કામમાં રોકાણા છો કે એટલી વાર લાગી ?

**નવરાલાલ**—આ અમારો ગુજરાતનો આડતીઓ આવ્યો છે, તેની કડાકૂટમાં બધો વખત ગયો; એને પાછું આજની ટ્રેનમાં ચાલ્યું જવું છે, એટલે શું કરીએ ?

**અમથાલાલ**—શેઠજી, આ ગુજરાતી તો પેલા ગુજરાતથી વરવા માટે આવેલા ડોસાનો મુનીમ છે, તેને મેં એ ડોસાની પાસે જોયો હતો, તેમ છતાં આવી રીતે જુઠું બોલી શું તમે મને ઠગવા માગો છો ? તમે ગમે તેમ છુપાવશો, પણ મારા જાણુવામાં બધી વાત આવી ગઈ છે. પાપ કદી છાનું રહેલું સાંભળ્યું છે ?

( રાગ **સિંહાનો-કનરો.** )

પાપ રહે નહીં, કદીએ છાનું (૨);
વાત તમારી, હું બધી જાણું. ટેક.

ભૂંડું કરો શું, રંક કન્યાનું (૨);
જોતા નથી કાંઇ ટાણું કટાણું. પાપ. ૧
લોભે તમારૂં, મન લલચાણું (૨);
લાજ તજી શું, લઇને નાણું. પાપ. ૨
રૂપીઆની થેલી, લઇ ક્યાં મેલી (૨);
કહો ! મુજથી નથી કાંઇ અજાણ્યું. પાપ. ૩
ગામજનો જો, જાણે બધું આ (૨);
સમજો તમારૂં નાક કપાણું. પાપ. ૪

**મફતચંદ**—અમથાલાલ શેઠ ! એવડી બધી બીક કોને બતાવોછો ? ( વાંસેથી હાથ, આગળ લાવીને ) આ રહી રૂપીઆની કોથળી; ધરાળ લાંચ લીધી છે, લ્યો, જાઓ ! તમારે જ્યાં ફરીયાદ કરવી હોય ત્યાં કરો ! અમારી આબરૂ ભલે જાતી રહે ! જેને લાજ હશે એની જાશે; નાક હશે એનું કપાશે; અમારે નાગાને શું છે ?

**અમથાલાલ**--હા, ભાઇ, “ નાગાથી પાદશાહ આઘા, ” એ કહેવત ખોટી નથી.

**નવરાલાલ**--મફતચંદ શેઠ, તમે ધીરજ રાખો, અમથાલાલ શેઠની સલાહ વ્યાજબી છે કે વાત બ્હાર પડશે તો નાક કપાશે, ને તેથી આ ગુજરાતીને પણ આપણે મદદ નહીં કરી શકીએ; માટે ( હળવેથી ચીમનને) જો ચીમનભાઈ આ અમથાલાલ શેઠને પણ ૧૦૦૦ રૂપિઆ બીજા આપી દો તો તમારૂં કામ ફતેહમંદ થઇ જાય.

**ચીમનલાલ**—ભલે, બહુ સારૂં; અમે નાણુંની ગણુતરી કરતા નથી; ફક્ત તમારા જેવા શેઠીઆઓની મહેરબાની હોય તો બસ. ( એમ કહી ખીસામાંથી રૂ. ૧૦૦૦ ની નોટ કાઢી અમથાલાલને ) લ્યો, અમથાલાલ શેઠ, આ ૧૦૦૦ રૂપિઆની નોટ, મારીવતી તમારાં છોકરાંના હાથમાં દેજો !

**કેશવલાલ**—(ચીમનલાલને) શેઠને છોકરાં નથી ને કોને દેશે ?

**મફતચંદ**—હવે છાનોમાનો ઉભો રહે એક કોરે; તું અમારી વાતમાં શું જાણે ?

**અમથાલાલ**—ચીમનલાલભાઇ ! હવે તમારૂં કામ થઇ ગયું સમજજો.

**કેશવલાલ**--( સ્વગત ) આહાહા ! પૈસાનો લોભ કેવાં નીચ કામ કરાવે છે ?

**લલીત છંદ.**

અરર, દામ તું, કામ શું કરે, જન દયાળુમાં, ક્રૂરતા ભરે;
મરત કીડી જો, રાખતા દયા, મનુષ ઉપરે ક્રૂર તે થયા. ૧
વણિક નામ તે, જૂઠું બોલતા, અરર લોભથી ઓછું તોળતા;
પુરત સાચદી, ખોટી રૂપીએ, ધન મળ્યે સુતા, વૃદ્ધને દીએ. ૨
પ્રિત તુટે ખરે, ક્રોધ જો કરે, વિનય વિણુસે, માન જો ધરે;
કપટ કૂડથી, મિત્રતા જશે, સરવ લોભથી, નાશ પામશે. ૩

ધન જમાવીને, લોભીઓ મરે, પણ સુપાત્રને, દાન ના કરે;
પૂરણ વેરી છે, લોભ આત્મનો, વશ કરી શકે, ધન્ય તે જનો. ૪

*　　*　　*　　*

**અમથાલાલ**—કેશવલાલ, અરે કેશવલાલ ! ક્યાં ગયો.

**કેશવલાલ**—જી, શેઠ સાહેબ ! શું હુકમ છે ?

**અમથાલાલ**—તું એકદમ જઇને, મહાજનની મીટીંગમાં જે જે માણુસો ભેગાં થયાં હોય તે સર્વને કહી દે કે, આજે મહાજનના શેઠ, મફતચંદભાઇની તબીયત સારી નથી, એટલે કાંઇ કામ થઇ શકશે નહીં, માટે સૌ સૌને રસ્તે પડો !

**કેશવલાલ**—ભલે, બહુ સારૂં, શેઠજી ! ( નમીને જાય છે. )

**મફતચંદ**—ઠીક, અમથાલાલ શેઠ, ચાલો આપણે પણ હવે સૌ સૌને સ્થાને જઇએ.

**અમથાલાલ—નવરાલાલ**—હા, ભલે, જેમ સૌની મરજી ! ( એમ કહી સૌ જવા માંડે છે. )

**ચીમનલાલ**—શેઠ સાહેબો, હું પણ હવે રજા લઉં છું, ને મારાથી કાંઇ ભુલ થઈ હોય તો ક્ષમા માગું છું. ( એક બીજા હાથ મીલાવીને જાય છે. )

સર્વ પાત્રોઃ— ( તારણ અને અફસોસ ! )
( વાલા વેગે આવો રે-એ રાગ. )

કરમની કહાણી રે, શરમ મુકાણી રે;
લોભીને ધિક્કાર હજાર હોજી. (૨)
મહાજન થઇને અધમ કરે અતિ કામ (૨) કરમ૦ ૧

**સાખીઃ**—પિતા પુત્રી વેચતો, માતાને નહીં મ્હેર;
સગાં સંબંધી સર્વને, થઇ લાડુની લ્હેર;
મહાજન લાંચ લીએ વળી, લાજે નહીં કરી કેર;
દયા દિલે નહીં આણી રે— લોભી૦ ૨

**સાખીઃ**—વૈદ્ય દીએ જો ઝેર તો, રોગી જન કયાં જાય;
રાય પીડે રૈયત વળી, કોણ કરે ત્યાં ન્યાય;
આગેવાન અધર્મિ તો, શું સુધરે સમુદાય—
સજ્જન વિના ધુળધાણી રે— લોભી૦ ૩

**સાખીઃ**—સાન ન શુભ-અશુભની, ધર્મનું નહિ અભિમાન;
નાત જાતના હિતની, વાત ધરે નહિ કાન.
મહાજન નામ ધરાવતા, મુર્ખને **વલ્લભ** જ્ઞાન;
પથ્થર ઉપર પાણી રે—.... .... ...લોભી૦ ૪

* * * *

(જયજીનેન્દ્રના નાદ કરી પાત્રો સૌ સૌને રસ્તે જાય છે.)

# કેન્યા વિક્રયની કહાણી.

( વાટ જુએ છે મીરાં રાંકડી—એ રાગ )

વ્હાલા વીર પુત્રો ! કહું વાતડી, કહેતાં મારી, હાય ચીરાય
છે છાતડી. ( ૨ ) ટેક.

લાડો બનવાનો દાદો, દિલમાં રાખે ઇરાદો; (૨)
ભલે કર લીધી હોય લાકડી- કહેતાં૦ ૧

ડોસો વર દીપે કેવો, વીવા તે વરસી જેવો; (૨)
વાહનવરનું તે જુઓ ઠાંઠડી- કહેતાં૦ ૨

ઓખે બત્રીશી ન્હેરી, લાડીને લાવ્યો લ્હેરી; (૨)
મૂછો રંગી, મખમલની મોજડી. કહેતાં૦ ૩

જાણે જે જુવાની આવી, જાણે ન, આવે નહીં લાવી; (૨)
અક્કડ થઇ અળગી કરી લાકડી- કહેતાં૦ ૪

ઝડપ્યો ન જ્યાં સુધી કાળે, ચતુર થઇ ચટચટ ચાલે; (૨)
હું તો પહોળો ને શેરી સાંકડી- કહેતાં૦ ૫

માબાપમાં પાપ પેઠું, હરખે તે જુએ ન હેઠું; (૨)
જુલ્મી થઈ જોતા નથી જાતડી- કહેતાં૦ ૬

દીકરી જો આવે ઝાઝી, મકલાતી મનમાં માજી; (૨)
" ભુખ ભાંગી પ્હેરૂં બીજ સાંકળી ! " કહેતાં૦ ૭

કન્યા કરીયાણું થાતી, હવે ન છાની વેચાતી; (૨)
દેખાડે શ્હાને માંડી હાટડી ! કહેતાં૦ ૮

દીકરી તે બકરી ધેનુ, જોર જરા નહિ જેનું; (૨)
ઝુરી ઝુરી કાઢે દિન રાતડી. કહેતાં૦ ૯
બાર વરસોની બાળા, ઓઢણાં ઓઢે કાળાં ! (૨)
રીબી રીબીને મારે રાંકડી. કહેતાં૦ ૧૦
મહાજન શ્રી માફ કરજો, વાત કંઇ કાને ધરજો; (૨)
ઘરમાં અગ્નિ ઉઘાડો આંખડી ! કહેતાં૦ ૧૧
અનીતિનું અન્ન ઉદરમાં, સુમતિ ન મળે સુનરમાં; (૨)
**વલ્લભ** જુએ રણવીરની વાટડી. કહેતાં૦ ૧૨

# શ્રાવિકાને શિખામણ.

( **આવોને નંદલાલ**, રમવા આવોનેરે—એ રાગ. )

શ્રાવિકા ધરીએ જો નામ, કરીએ કામ વિચારી. (૨) ટેક.
ભલે જવાય નહીં ધર્મ સ્થાને, કષ્ટ વિના સ્હેજે જાશો વિમાને;
પરહરો પરની નિન્દાને, ઘરની કીર્ત્તિ વધારી. શ્રા૦ ૧
સાસુ,સસરા,સ્વામીની સેવા કરવી, નણંદી સાથે સંપીને પ્રીતિ ધરવી;
મીઠી વાણી મુખ ભરવી, પ્રેમે પતિવૃત્ત પાળી. શ્રા૦ ૨
સુંવાળી સાવણીએ ઘર વાળી, વ્હેલાં ઉઠી પ્હેલાં પાણીને ગાળી;
સંખારો રાખો સંભાળી, સ્હેજે તરશો સુનારી. શ્રા૦ ૩
છાંયામાં છાણાંને જત્નાથી પોંજો, ધાન્યે ધનેડાં ધરી ધ્યાન જોજો;
વિવેક રાખી વર્ત્તો જો, સ્હેજે તરશો સુનારી. શ્રા૦ ૪

એઠાંનાં ઠામ ઉઘાડાં ન રાખો, ઘી તેલમાં તો મરે જીવ લાખો;
આળસ અંગ ન રાખો, લાખો લાભ વિચારી. શ્રા૦ ૫
સંતાનોને ચાર શરણાં સમજાવો, દાન દયા દિલ ખુબ ઠસાવો;
જન્મ ન આવો હરાવો, વાવો ધરતી રસાળી. શ્રા૦ ૬
ડાહ્યાં છતાં કેમ ડેડા કૂટાવો ! ઝાઝા જવેરા વળી વવરાવો;
જાગ્રણ શાને જગાવો ! બાળા બગડે બિચારી. શ્રા૦ ૭
શું થયું ધર્મના સ્થાને પડયાથી ! હોંકારા હોંશેથી જી!જી!દીધાથી;
વલ્લભ વાતો વધાથી, કયાંથી મુક્તિ થનારી. શ્રા૦ ૮

---

# શ્રી ભાવ--દીવાળી.

( જોયું જંગલ આ ભારી—એ રાગ. )

આજે આવી દીવાળી (૨) જય જય જયકારી. આજે. ટેક.
વીર પ્રભુ વ્હાલા મુક્તિ સિધાવ્યા, કર્મરિપુને બાળી. આજે. ૧
આતસબાજીની નથી દીવાળી, જુઠી દ્રવ્ય દીવાળી. (૨) આ૦ ૨
ગ્લાસના ગંજ કરી મૂર્ખાઇ માંડી, આરંભ કરજો વિચારી. આ૦ ૩
શારદાપૂજનથી લક્ષ્મી મળે ન, તે તો ખોટી ખુવારી. આ૦ ૪
રંક, તવંગર પૂજે છતાં, નથી સરખા વ્યાપારી. (૨) આ૦ ૫
પુણ્યવિના ખોટી પાઇ ન પામે, દાન દીઓ નર નારી. (૨) આ૦ ૬
વર્ષ પુરૂં થયું સરવૈયું કાઢો, કર્મ દેણું સંભારી. આ૦ ૭
સંવર, તપ કરી, કર્મને કાપો, દીઓ દેણુ નિવારી. (૨) આ૦ ૮
વલ્લભ જ્ઞાનની જ્યોત જગાવી, ઉજવો ભાવ દીવાળી. આ૦ ૯

# આહાર તેવો ઓડકાર.

( મારા ભાગ્યતણો નહિ પાર—એ રાગ. )

જોઇ લ્યો વાણીઆભાઇનાં કામ, બગડી બુદ્ધિ થયા બદનામ. (૨)ટેક.

ઉપાસરેથી લીએ પતાસાં, ડરાવે સૌને દંભે;
બે વળગાડે આંગળીએ ને, ત્રીજું બેસાડે ખંભે. જોઇ. ૧
વર્ષ એકમાં એક વખત જે, આવે ધર્મને સ્થાન;
મફત મોમતી માગે મુરખો, રહ્યું ન ખાવા ધાન. જોઇ. ૨
દેવું તો વળી દૂર રહ્યું પણ, દેવા દે નહીં પરને;
ચોવટ ડોળે ચોટે બેશી, ખાઇને ખોદે ઘરને. જોઈ. ૩
આપી સંઘમાં એક રૂપીઓ, બેનું કરે નુકશાન;
લેશ વાતમાં કલેશ કરે, વળી ભાષાનું નહિ ભાન. જોઈ. ૪
જિસ્કે તડમેં લડુ, ઇસ્કે તડમેં હમ તૈયાર;
શુચિ અશુચિ સ્થાન જુએ નહીં, વસ્ત્ર બગાડે સાર. જોઇ. ૫
ખાવા સારૂ ખરચો કરવા, ખાંતે થાય ખુવાર;
જ્ઞાન તણાં ખાતાં ધુળ થાતાં, લીએ ન કંઇ સંભાળ. જોઇ. ૬
ધર્મજ્ઞાનના ફાળામાં તો, રકમ મંડાવે મોટી;
દેવા ટાણે દીવાળીઓ થૈ, દીએ ન દાનત ખોટી. જોઇ. ૭
ઉપાસરેથી ચોરી કરીને, જુગટે રમવા જાય;
કોઇ શીખામણ સારી દેતો, લડવા શામો થાય. જોઇ. ૮

વણિક નામ તે જુઠ ન બોલે, કદી ન ઓછું તોલે;
ધર્મ તણી જો વાત કરે તો, વચમાં આડો બોલે. જોઇ. ૯
લોભે તમારૂં મન લલચાણું, લાજ તજી લહે નાણું.
જો સમજો તો નાક કપાણું, જગમાં નથી અજાણ્યું જોઇ.૧૦
ધર્મની થાપણ ઓળવતાં કંઈ, ધુર્ત્ત કરે ન વિચાર;
દુર્ગતિનો ડર, દિલ નવ રાખે, પરનારીમાં પ્યાર. જોઈ.૧૧
ચુંગી વિના ન ચાલે, બીડી બજાર વચ્ચે ફૂંકે;
ખોં ! ખોં ! દિવસ રાત કરે પણ, તોય બીડી નવ મૂકે. જોઈ.૧૨
**વીર પિતાનો** પવિત્ર પૂરો, દયા દયામય ધર્મ;
**વલ્લભ** તેને કલંક લગાડયું, કરી અવિચારી કર્મ ! જોઇ. ૧૩

---

# ચતારિ શરણ પવ્વજામિ !

## મુસાફર વિચાર !—હરિગીત છંદ.

હે પન્થિ ! થઈ તું શાન્ત, લઇ એકાન્ત, આજ વિચારીજો,
કંઇ સફર તારી સફળ થઇ, કે અફળ પળ પળ ધારી જો;
તું કર્મબંધન ધંધમાં થઈ, અંધ ઊંધો ધાય છે !
અરિહંત, સિદ્ધ ભગવંત, સંત સુધર્મ સ્હાય ભુલાય છે. ટેક. ૧
જીવ બાળ ગમ્મતમાં ગયો, જ્યાં ગર્ભમાંથી નિસર્યો,

નવ માસ ગર્ભાવાસનાં, દુઃખ ત્રાસદાયક વિસર્યો;
રાજા બન્યો રમતાં અને, ભમતાં શિશુવય જાય છે. અરિ. ૨
નિશાળમાં કંઇ કાળ ગાળ્યો, કલેશ દ્વેષ કુસંગમાં,
યુવાન વયમાં ભાન ભૂલ્યો, ભામિનિના રંગમાં;
પ્રિય ખાનપાન મકાન માળ, વિશાળ ચણવા ચ્હાય છે. અરિ. ૩
બી. એ. બની, એમ. એ. ભણી, તું ભવ્ય ભૂવન મ્હાલશે !
પણ કાળની વિકાળ ફાળ, ગુમાન તારૂં ગાળશે;
આ પાપી પેટ પ્રપંચમાં, આયુષ્ય પુરૂં થાય છે. અરિ. ૪
નહિં આત્મનો જ્યાં અર્થ, વિદ્યા વ્યર્થ તેથી તન સડે,
ઘર માંડીને છાંડી મૂઆ, રાંડી તરૂણી તરફડે;
અનુભવ વિના નહિ ઓળખે, પીડા પડયે પસ્તાય છે. અરિ. ૫
તકરાર કરી બહુ વાર, થઈ ખુવાર, જઈ દરબારમાં,
કદી તોલ નહિ સમતોલ, કીધાં કુડકપટ વ્યાપારમાં;
એ પાપ મન સંતાપતું, સંહાર સુખનો થાય છે. અરિ. ૬
અન્યાયનું ધન થાય નાશ, વીવા વરે વપરાય છે.
કાં તો કપૂત ઉડાવી દે, પરનારી સંગ હરાય છે;
કાં તો વૃદ્ધાવસ્થા વિષે, પરણી પ્રિયામાં જાય છે. અરિ. ૭
તુજ કાળરૂપ ભુપાળની, દાસી “ જરા ” આવી કહે.
“ તું જાગ ! જલદી ભાગ્યહીન ! મલિનતાથી દુર રહે ! ”
ગઇ ભોગ શક્તિ રોગ વ્યાપ્યો, ભક્તિ ત્યારે થાય છે. અરિ. ૮
તુજ પ્યારી નારી બોલનારી, સ્વાર્થનાં સુખમાં-“ ખમા ! ”
દુઃખમાં રહે તે દૂર, દીસે સ્વાર્થી સૌ સંસારમાં;

શું પોઠ ભરતો પાપની તું, ખોટ ધંધે ખાય છે. અરિ. ૯
લે લે ! ગ્રહી સમતા, રહી મમતા થકી દુર સર્વદા,
તું આત્મ ઓળખ તો, જવાની અનંત ભવની આપદા;
ચિત્ત ચિતરી તું રાખ, ઠાલા ઠાઠથી શું ઠગાય છે !
"અરિહંત, સિદ્ધ ભગવંત, સંત, સુધર્મ, વલ્લભ સ્હાય છે !"

---

# ઘડપણની આશા રાખી જે ધર્મ કરતા નથી તેને ઉપદેશરૂપે વૃદ્ધનો પશ્ચાતાપ.

( ધીમા ધીમા ચાલોને મારા પ્રાણ રે-એ રાગ. )

આવ્યું ઘેલું ઘડપણ હવે શું કરૂં ? (૨) ટેક.
પડી કરચલીઓ અંગે ન દીઠી ગમે;
કેડ નીચી નમે;—હાય શું કરૂં ! આવ્યું. ૧

**સાખીઃ**—શીરો પુરી સેવની, આશા ઉર અપાર;
પણ પચતું નથી પેટમાં, શું ખાવાનો સાર.
દાંત દાડમ જેવા, ન હવે મુખમાં મળે;
કેશ કાળા મટીને, થયા ધોળા અરે.
યાદ આવે જુવાની મને પળેપળે, દિલ બાવરૂં.આવ્યું. ૨

**સાખીઃ**— ધર્મ ધ્યાન કર્યું નહીં, સાધ્યો નહીં શુભ અર્થ;
ધર્મ ઘડપણે રાખીને, કાયા ગુમાવી વ્યર્થ.
હવે પડયો પીડામાં, ધરમ ક્યાંથી બને ?

ઝુરી ઝુરી મરીશ, કહું કોની કને ?
ગયો અવસર મળે નહિ લાખો ધને, કેમ હું, તરૂં ?–આવ્યું. ૩
સાખીઃ—અરે ! જુવાનો સાંભળો, હાંસી કરો નહિ આપ;
ચતુર હો તો ચેતજો, કરવો પડે ન વિલાપ.
નક્કી ઘરડા થશો, નથી ભરોંસો એવો;
કરો ભેળો પર ભવ સારૂ મીઠો મેવો.
વેગે વલ્લભ સંતના ચરણો સેવો, શરણુ એ ખરૂં. આવ્યું. ૪

# " બિન દયા મોક્ષ નહીં પાવે ! "

### રાગ–બનજારો.

કયું નાહક કષ્ટ ઉઠાવે, બિન દયા મોક્ષ નહીં પાવે. (૨) ટેક.
કોઇ રહે ઉંધે શિર લટકે, ઘર છોડ તિરથકું ભટકે;
કોઈ ગંગાજલમેં ન્હાવે. બિન૦ ૧
કોઇ જોગી તપે સન્યાસી, રહે બનકે બનમેં ઉદાસી;
કોઈ કંદમુળ ફળ ફુલ ખાવે. બિન૦ ૨
કોઇ ગોકુળ મથુરાં કાશી, જગન્નાથ રામેશ્વર વાશી;
કોઇ દ્વારિકા છાપ લગાવે. બિન૦ ૩
કોઈ તપે પંચ અગ્નિકું, કોઇ સાધે દ્રઢ આસનકું;
કોઈ ઠાડે હાથ ઉઠાવે. બિન૦ ૪
કોઈ દુમુન્દ્રા કાન ફડાવે, શિર મુંડી જટા વધારે;
કોઇ તન વસ્ત્ર ખાખ રમાવે. બિન૦ ૫
કોઇ વજુદાની નમાજ પુજારે, રહે રોજાં બાંગ પુકારે;

કોઇ તસ્બીર હાથ ફીરાવે. બિન૦ ૬
કોઇ પુજે મુરત સંધ્યા ધ્યાવે, વડ પીપળ તુલસી પુજાવે;
કોઇ સાખી, પદ, કથા સુનાવે. બિન૦ ૭
તાલ, મર્દંગ ઢોલક બજાવે, પગ ફેર ઘુઘરીયાં રીઝાવે;
અમીરખ કહે, નાહક જન્મ ગુમાવે ! ! બિન૦ ૮

---

# ગર્ભાવાસ વિષે.

---

( રાગ—ધીરાનો. )

ગર્ભાવાસ રાખ્યો રે, કૃપા તને બહુ કરી;
સદા સુખ આપ્યું રે, તેને કેમ ગયો વિસરી.
દશ પંદર સુધી પુરણ પાળ્યો, પરણાવ્યો બહુ પેર,
તોએ એક ઘડી ઇશ્વર ના ગાયા, મનમાં ન આંણી કાંઈ મહેર;
વીસે વહ્યો પુરો રે, હૈયામાં ના લાવ્યો હરિ. ગર્ભાવાસ. ૧
વરણાગીમાં વાંકો હીંડે છે, પચીસ થયાં પરમાણ,
છેલાઇમાં તું છાકી ફરે છે, અહંકાર ને અભીમાન;
ત્રીસે મોહ્યો સ્રીને રે, ઘણું ઘણું નેહ ભરી. ગર્ભાવાસ. ૨
નાત જાતમાં નામજ કાઢયું, કુબુદ્ધિ જાત કઠોર,
ધનને કાજે ધુતતો ફરે છે, જેમ હરાયું ઢોર;
ચાલીશે તું ચાલી રે, છતમાં તું રહ્યો છળી. ગર્ભાવાસ. ૩
ઘરધંધામાં ઘેલો ફરે છે, ગાયા નહીં પરીબ્રહ્મ,

પરાક્રમ તારાનો પાર ન આવે, પુંઠે બહુ થઇ જંજાળ;
પચાસે જઇ પહોંચ્યો રે, ઠેકાણે ન બેઠો ઠરી. ગર્ભવાસ. ૪
દયા દાન ને પુણ્ય ન લાવ્યો, જ્ઞાન ને ભરીબાઇ,
અહંકારમાં તું ગયો અફળાતો, લોભ લાલચમાં લેવાઇ;
સાઠે બુદ્ધિ નાઠી રે, તારણ કાંઈ ન આવ્યું તરી. ગર્ભવાસ.૫
સીત્તેર થયા ત્યારે શુદ્ધિ ના રહી, ભાગ્યો પોતાનો ભાર,
કુટુંબ કબીલો કોઈ નવ માને, તોયે ન મેલે અહંકાર;
સુમારગ નવ ચાલ્યો રે, ડગલું નવ મેલ્યું ડરી. ગર્ભાવાસ. ૬
એંસી થયા ત્યારે આંખે ન સુઝે, થરથર ધ્રુજે તારી કાય,
કાયામાં કંપ વાયુ પ્રગટયો, તોયે ભજન નહીં થાય;
મુરખ નવ ચેત્યો રે, માયાએ તને લીધો ઘેરી. ગર્ભવાસ. ૭
ઘરડો થયો ત્યારે ગતજ ભાગી, ગાયા નહીં પરીબ્રહ્મ,
દાન પુન્યનું નામ ન જાણ્યું, સમજ્યો નહીં કાંઇ મર્મ;
મારૂં મારૂં કરતો રે, ગયા વર્ષ નેઉ વહી. ગર્ભવાસ. ૮
કુકર્મના બહુ બંધન છુટવા, આવ્યો મનુષ્ય અવતાર,
સોએ વરશે તારી અવધજ આવી, ભર્યો ભુંડાઇનો ભાર;
ભુલ્યો બધા ભવ માંહે, ફોગટનો ફેરો ફરી. ગર્ભવાસ. ૯
ઇશ્વરને અંતર નવ ધાર્યા, જાણ્યા ન જુગદાધાર,
અંત સમે જ્યારે બાંધીને આણ્યો, પડયો કરશે પોકાર;
દારૂણ દુઃખ દેખી રે, રોશે બહુ નયણાં ભરી. ગર્ભવાસ. ૧૦
સત્ય પુરૂષે સીદ્ધિમાં જોયું, તારૂં પાનું પુસ્તક નીરધાર,
ખાતામાં ઘણી ખોટજ દીઠી, એને નાંખો નરક મોઝાર;

પાપી એછે પુરો રે, પુછો એને ખોટી ખરી. ગર્ભાવાસ. ૧૧
કાયર થયો ત્યારે કાલાવાલા, કરવા માંડ્યા અપાર,
હરી હવે ભજન નવ ચુકું તારૂં, એકવાર કાઢોને બહાર;
દાસ દયારામના રે, હરિ હેતે ઝીલો ફરી. ગર્ભાવાસ. ૧૨

---

# જીવને ઉપદેશ.

**( રાગ–માનવનો અભિમાન પલકમાં ટળી જશે રે. )**

અરે જીવ ભમરા ભૂલ્યો ભાન, ભમ્યો ભવ રાનમાં રે,
ખરેખર નાચ્યો નટ નાદાન, ન થાક્યો તાનમાં રે;
માન ગુલતાનમાં રે. અરે જીવ. ૧
જળ તરંગ ઉછરંગ ખલકમાં, આ આ આ રે. અરે.
ચળ વાદળ વિખરાય પલકમાં, આ આ આ રે. અરે.
માયામાં મસ્તાન. અરે જીવ. ૨

**સાખી**—સંસાર સર આશા કમળમાં, કેદ મધુકર જીવડો;
ચીતે કરી પ્રભુ પ્રાર્થના, છુટું હવે ભાનુ ચડયો..
પણ કાળ ગજનલિની ઉખેડી, ચાવતાં ભમરો રડયો;
હતભાગ્ય હાર્યો તેમ માનવ, હારશે ભવ બાપડો.
અરે જીવ. ૩

**સાખી**—ઉધાન જળાધિ પાન પળ, વિખરંતા સો વાયદો;
જીવતર યથા જીવ જાણજે, એ કાળ કુદરત કાયદો.

ભજ પ્રાણીયા અરિહંતને, જે વૈદ્ય ભવ રોગો હણે;
આ છંદ સાંકળચંદ માહાવીર મંડળી હરખે ભણે.
અરે જીવ. ૪

## આત્માને શીખામણ.

( રાગ—ઝુલણા છંદ, )

ચેત તું ચેત તું ચિત્તમાં આતમા,
પ્રાણ પરલોકનો છે વિહારી;
બાજ તેતર પરે ફાળ તાકી ભરે,
કાળ પણ ફાળ દે રાત દાડી;
અથીર તન ધન ગણો, અથિર સુખ સાધનો,
અથીર સંસાર આ સીંધુ ખારો;
જાગ્ય તું જાગ્ય તુ જીવ નિદ્રા તજી,
પ્રહસમે ધર્મનો મર્મ ધારો. ૧
જીવવું વર્ષ સત, આયુષ્ય કલ્લોલ વત્ત,
લોભનો થોભ નહી કોઈ કાળે;
સમયમાં ના સજે અંતમાં શું ભજે,
વાત પિત્ત કફ વિષે નાડ ચાલે;
વ્યાધિની વેદના શુદ્ધ નહી ચેતના,
તે સમે નવ ગમે ધર્મ સારો. જાગ્ય તું. ૨

અંધ નગરી ફરે, દ્વાર કર ના ચડે,
ખાજ આવે જતાં દ્વાર પાસે;
એમ ભમતાં જડયો, સ્હેજ આવી ચડયો,
મનુષ્ય ભવ દ્વાર આ વાર ભાસે;
રંક હાથે ચડયો, રત્ન ચિંતામણી,
રાગ વશ કાગનો હોય ચારો. જાગ્ય તું. ૩
જીવ નટ નાચીયો, નાચ ભવ ભવનમાં,
તદપિ નહી વીરચ્ચો કોઇ વેળા;
ચાર ગતિ વેદના છેદના ભેદના,
સ્વજનના વિરહને થાય મેળા;
માત પુત્રીપણે, પુત્રી દારાપણે,
ઉલટ ભવચક્રનો ભેદ ન્યારો. જાગ્ય તું. ૪
કયાંથી અહિં આવવું, પ્રાણીયા કયાં જવું,
શું કર્યું આજ શુભ કામ જીવે;
એમ ધરી ધારણા પાપથી જે હઠે,
ભવ તરે જઇ સુધા સ્વાદ પીવે;
જ્ઞાનની વાતમાં રાગ પરભાતમાં,
સાંકળે સાંકળ્યા આ વિચારો. જાગ્ય તું. ૫

# અપંગની અરજ.

( રાગ—વ્હાલા વેગે આવો રે, દયા દીલે લાવો રે. )

દયા દીલે લાવોરે, અપંગ બચાવોરે, ધર્મ એ ધનવાનનો હોજી;
દયા વિના તો જશે અમારા પ્રાણ. ધર્મ. ટેક.
અમે દુઃખી સુખીયા તમે, ન્યાય સુચવીએ હાલ;
દાન ન દીધું પુરવે, બુરા થયા હવાલ.
દયા નહીં લાવો તો નથી કાંઇ દાવો રે. ધર્મ. ૧
ખોડા ઢોરો પાળવા, કરી પાંજરાપોળ;
અપંગ જનને પાળવા, નથી કોઇ ભંડોળ.
મુગાં બેહેરાં અંધાને નભાવો રે. ધર્મ૦ ૨
અમે અપંગો રખડતાં. દેખો ઠામોઠામ;
રક્ષણશાળા નવ મળે, નહી આવે ધન કામ.
દુખીયા જનના દુખડા સમાવો રે. ધર્મ૦ ૩
અન્ન ખાવા પહેરવા, વસ્ત્ર ન રહેવા ગેહ;
કંપે કાયા ટાઢથી, તાપે દાઝે દેહ.
દીલના દાના દાઝ ધરાવો રે. ધર્મ૦ ૪
સેજ ભૂમી ને આભનો, પીછોડો અમ જાણ;
પવન અહાર કરી કહાડીએ, ભૂખમરાથી પ્રાણ.
રક્ષણશાળા ફ્રી બંધાવો રે. ધર્મ૦ ૫
અમે તીવ્ર દુઃખ વેઠીએ, તમે ભોગવો સુખ;

અરે ન લાવો ઉરમાં, શું મલકાવો મુખ.
ઔષધશાળા દીનની ઉઘડાવો રે. ધર્મ૦ ૬
બાળાશ્રમ વૃદ્ધાશ્રમો, વિધવાશ્રમ વિશ્રામ;
ઠામઠામ પુણ્યાશ્રમો, સ્થાપી રાખો નામ.
પૈસાદારો લ્યો પૈસાનો લ્હાવો રે. ધર્મ૦ ૭
સમાન મનુષ્ય અમે તમે, તમે સુખી અમ દુઃખ;
પણ કુદરતનો કાયદો, સૌને વાહાલું સુખ.
એકલપેટો તજીએ સ્વભાવો રે. ધર્મ૦ ૮
મહેનત કાંઈ ન નીપજે, અમે અશક્ત અપંગ;
અન્નદાનને સ્થાન દો, વસ્ત્ર ઓઢવા અંગ.
અરજી સાંકળચંદ સુણાવો રે. ધર્મ૦ ૯

## સીદ્ધપદ પામવા વિષે.

( રાગ—ગઈ ગ્રીષ્મ થયું ચોમાસું. )

કરી ખલક દીવાની બારી, પ્રભુ પામ્યા પંચમ નારી,
નહી જન્મ મરણનો ફેરો, નહી રોગ સોગ અનેરો;
નહીં ભય પણ ત્યાં કોઈ કેરો, નહી ભુખ જરા નહીં દુખ,
સાસ્વતા સુખ, ભોગવે ભારી. પ્ર૦ ૧
નહીં ભોગ વિજોગ ભરાએ, ત્યાં વૈર વિરોધ ન થાએ,
નહીં સગો સંબંધી કાંએ, નહીં રોષ જરા નહીં દોષ;

નહીં અફસોસ, સદા સુખકારી. પ્ર૦ ૨
નહીં કર્મ ભર્મ કે કાયા, નહીં લોભ લલુતા માયા,
નહીં તડકો કે નહીં છાયા, નહી આહાર નહી નિહાર;
અજબ છે બ્હાર, હવા હીતકારી. પ્ર૦ ૩
નહીં ઉજડ કે નહીં વસ્તી, નહીં વસ્તુ કીંમત સસ્તી,
નહીં મૌનપણું નહીં મસ્તી, નહીં વાત નહીં એકાંત;
નહીં દીનરાત, અચંબો ભારી. પ્ર૦ ૪
નહીં ગંધ રૂપ રસ શબ્દ, નહીં નિઃસ્નેહી નહીં લુબ્ધ,
નહીં વાર તીથી કે અબ્દ, કરી સાર પામ્યા ભવપાર;
તમે નરનાર, મુની ધન્ય ધારી. પ્ર૦ ૫

---

# કરેલા કૃત્યનો પશ્ચાતાપ.

---

(રાગ–ઓધવજી સંદેશો કહેજો મારા નાથને.)

કરમ તણી કથની પ્રભુજી કયાં જઇ કરૂં,
તુજવીણ પ્રભુજી મુજને નહીં આરામ જો;
કોમળ મારી કાયા, કરમ કઠણ અરે,
લલાટે લખ્યું મિથ્યા નવ થાય જો. કરમ૦ ૧
હું પાપી પ્રભુ નરકાધિકારી થયો અરે,
મરણ સમય કાયા થરથર થાય જો;
આદિનાથને જેણે સંભાર્યા નહીં અરે,

તેનો એળે ગયો મનુષ્ય દેહ અવતારજો. કરમ૦ ૨
પાપી પગલાં ભરતાં બીન્યો નહીં અરે,
ખટ શત્રુએ ઘેર્યો મુજને આંહી જો;
સૌ સેવક વંદન કરી તુજને નમે,
નીરાધાર પ્રાણીને પ્રભુ તુજ તણો આધાર જો. કરમ૦ ૩

---

# આત્માને ઉપદેશ.

( રાગ–કુંવરી કુંવર મારા લાડકા. )

પ્રાણી અરે તેં આ શું કર્યું, કર્યો કાંઈ ન વિચાર;
એળે ગુમાવ્યો જન્મ તાહરો, સમર્યા નહીં કીરતાર. પ્રાણી. ૧
બાલ્યાવસ્થા ગાળી રમતમાં, મધ્યમેં ગયો નિશાળ;
યુવાન અવસ્થા જતી રહી, કરતાં પાપ અપાર. પ્રાણી. ૨
પૂર્ણ અવસ્થા વહી ગઈ, કરતાં આળપંપાળ;
ધ્યાન ધર્યું નહિ પ્રભુતણું, રાખ્યા હૃદયે નહિ મલીનાથ. પ્રાણી૦ ૩
વૃદ્ધાવસ્થા આવી રહી, થરથર કંપે કાય;
વિચાર કરે તે સમે, થાશે શું પ્રભુને ત્યાંય. પ્રાણી૦ ૪
માટે અરે પ્રાણીઓ, ભજો ભજો પ્રભુ નામ;
એળે જન્મ ન ગુમાવશો, રક્ષણ કરશે કીરતાર. પ્રાણી૦ ૫
સૌ સેવક તમને વિનવે, કરને કાંઇ વિચાર;
પ્રભુ ભજનનો નહિ મળે, આ અવસર વારંવાર. પ્રાણી૦ ૬

---

# શ્રી સંભવનાથજીને સ્તુતિ.

( રાગ–પ્રિય પતી તમે ઝટ આવો આ સમે. )

સંભવનાથજી મહેર તો કરો, જૈન બંધુઓને નિત્ય લક્ષમાં ધરો.
મોહ માયા ને ક્રોધજ માંથી, મુક્ત કરો જીનરાય;
કુતર્ક ના સૌ દોષ નિવારી, થાશો સત્વર સ્હાય. સંભવ. ૧
ધર્મ દયા અને શુદ્ધ ભક્તિનું, આપો અમને જ્ઞાન;
આ દુષ્ટ પાપ અમારૂં પ્રભુ, કરાવો નિર્વાણ. સંભવ. ૨
જૈન શાસન પ્રતાપ થકી મેં, આરંભ્યુ આ કાજ;
કરશો પૂર્ણ શ્રવણ કરીને, નિશ્ચે આપ મહારાજ. સંભવ. ૩

# પરમાત્માની ભક્તિ.

( રાગ—સખીઓ નિજ નિજ નિતિ ધર્મ સંભાળીએ રે.)

સજ્જનો પરમાતમ પ્રભુને પાએ લાગીએ રે,
સાચો જગદીશ્વર ભવીજનનો તારણહાર;
તેની નિત્ય પ્રીતે ભક્તિ કરવી ભાવશું રે,
અર્પે અવિચળ શીવસુખ પરમ ધરમ દાતાર;
એવા જૈન પ્રભુના દર્શન મુખથી માગીએ રે. ટેક

**સાખી**—પાય નમો જીનરાજને, આતમ કાર્ય સિધાય;
ભય દુઃખ સહુ દૂરે ટળે, મંગળકારી થાય.
જાવું ઉપાશ્રયમાં, શુદ્ધ વસ્ત્રોથી સર્વને રે;
જેથી નાથ નિરંજન, પ્રભુના ગુણુ ગવાય. એવા૦ ૧
**સાખી**—ભમ્યા ભવાબ્ધિ ચક્રમાં, તોય ન પામ્યા પાર;
માટે ભવીજન ભવ તરો ધરમ કરી આવાર.
જૈન શાસનના સિદ્ધાંતો, સાચા જાણીએ રે;
જેમાં ભક્તિ જુક્તિ, મુક્તિનો શુભ સાર. એવા૦ ૨
**સાખી**—અમૂલ્ય હીરો હાથમાં, છે જીન તેજ અપાર;
માટે શ્રી માહાવીર ભજો, થાય સફળ અવતાર.
એથી ઉત્તમ ગીત, આ સજ્જનોને સંભળાવીએ રે;
શીખ સહુ શુભ જાણી, અંતર રાખો નરનાર. એવા૦ ૩

---

# દારૂ નહીં પીવા વિષે.

---

(રાગ—વીરા વેશ્યાના યારી.)

---

અરે ઓ સજ્જન સારા, મિત્રો અમારા, સાંભળો સાચી વાત;
જૂઓ દારૂ પીનારા, નરકે જનારા, દુઃખી થનારા. સાંભળો. **ટેક.**
દારૂને પીતા થકારે, જે જન દુનિયા માંય;
લાજ ઘટે ને પ્રીત હઠે રે, સમજો ને મનમાંય. અરે. ૧

લંપટ ને તે લાલચી જાણો, દુર્વ્યસની દુઃખદાય;
સંગ કદી નહિ તેહનો કરવો, છાંડવાથી સુખ થાય અરે.૨
કેફીજન બહુ એહવા દેખી, દીલમાં ઉપજે છે દુઃખ;
તન ધન હરવા જૂઠ ઉચરવા, પામે નહી કાંઈ સુખ. અરે.૩
કૃષ્ણ નરેશ્વરે દારૂની સંગે, છોડયું દ્વારકા રાજ;
ભાન વિના થઇ સાંન ભૂલી જઇ, ભટકયા વનમાં અકાજ.અ.૪
સાંભળી સાચી વાતડી રે, ધારજો મન કલ્યાણ;
દુઃખદાયક દારૂથી દૂર રહી, પામજો સુખ સુજાણ. અરે. ૫

## પ્રભુ સ્તુતિ.

( રાગ–ડરમાં તું દીલ સાથ છોકરા.)

દયાનીધી જગદેવ, દયા કર, દયાનીધી જગદેવ,
સદા સારી એ સેવ, તારીએ ભવ ત્રાતા તતખેવ;
કરૂં અભીવંદન હમેશ. દયા કર. ટેક.
નીત્ય નઠારૂં, કર્મ હમારૂં,
હાય કસાયતણું કરનારૂં;
પુન્ય ઓછું કરી પાપ વધાર્યું,
આપના આગળ અર્જ ઉચારૂં;
ભવદધી તારો જગ તારૂ,
સ્વામિ સેવકની વિનંતી સ્વિકારો;
આપોને સુખ અભેવ. પ્રભુ. (૨) દયા કર. ૧
શાંતીના દાતા તમે જગસ્વામિ,

નાથ નીરંજન નિર્મળ નામી;
અંતરજામી શીવગતી ગામી,
ખોળો નહી અમ દાસની ખામી;
શીવસુત કેશવના વિશ્રામી,
માહાવીર મંડળી પદ પંકજ પામી;
નિત્ય સ્તુતિ કરવાની ટેવ. ત્રાતા. (૨) દયા કર. ૨

# શ્રી ધર્મનાથજીનું સ્તવન.

(રાગ—મારા હૈયા કેરા હાર.)

તારો ધર્મ જીનેશ્વર, ધર્મ ધુરંધર નાથજી રે;
ત્રાતા હું ડુબું ભવદરીએ, ઝાલો હાથજી રે. તારો. ટેક.
ત્રીભોવન સ્વામિ અંતરજામી,
શીવરામી તુજમાં નહિ ખામી;
હું અથડાયો ભવો ભવ, શું કહું તાતજી રે. તારો. ૧
વિષય રાગમાં હું મલકાયો,
પરદારા દેખી લલચાયો;
રસના રસમાં મેં નવ જોઇ રાતજી રે. તારો. ૨
મ્હેં ઉથાપી આણુ તમારી,
પણ પ્રભુજી તુમ પરીણુતી સારી;
વર્ધક મંડળ વિનવે આવું સાથજી રે. તારો. ૩

# શ્રી વીરપ્રભુને વિનંતી.

(રાગ—મન માથાના કરનારા રે.)

વીર પ્રભુ કરોને વ્હાર માહારી રે,
જીનરાજ તમારી બલીહારી;
શોભે કાયા બહુ સુખકારી રે,
ત્હારા મુખડાં ઉપર જાઉં વારી;
અસંખ્ય સંકટ સહન કર્યાં ને,
કાયાની માયા વિસારી;
તેથી થયા અરિહંત તમે તો,
જગમાંહિ કીર્તિ પ્રસારી રે. જીન. ૧
કર્મ ખપાવી મુક્તિ વર્યા તમે,
ભવી જીવોને ઉપકારી;
અર્જુનમાળી હોંશે ઉગાર્યો,
ચંદનબાળા ને પણ તારી રે. જીન. ૨
ઘણા જીવોપર દયા કરીને,
લીધા છે આપે ઉગારી;
વર્ધકમંડળ અરજ કરે છે,
તે પણ લેજો ઉદ્ધારી રે. જીન. ૩

# શ્રી વીર જીનેશ્વરને અરદાસ.

( રાગ—મારા હૈયા કેરા હાર. )

વ્હાલા વીર જીનેશ્વર, જન્મ જરા નીવારજો રે;
પ્યારા પ્રભુજી પ્રીતે, મુજ શીરપર કર સ્થાપજો રે.
ત્રણ રત્ન આપો પ્રભુ મુજને,
ખોટ ખજાને કો નહીં તુજને;
અરજી ઉર ધારી, કરમ કટક સંહારજો રે. વ્હાલા. ૧
કુમતી ડાકણ વળગી મુજને,
નમી નમી વિનવું હે પ્રભુ તુજને;
એ દુઃખથી દૂર કરવા, વ્હેલા આવજો રે. વ્હાલા. ૨
આ અટવીમાં ભૂલો પડીયો,
તું સાહેબ સાચો મુને મળીયો;
શેવકને શીવપુરની સડક બતાવજો રે. વ્હાલા. ૩
અરજી ઉચારી શ્રી જીન આગે,
માહાવીર મંડળ પ્રભુપદ માગે;
મ્હેર કરી મહારાજ પ્રાણને તારજો રે. વ્હાલા. ૪

# આત્માને શિખામણ.

## ચેત ! ચેત !! નર ચેત !!!

( દોહરા. )

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧
જોર કરીને જીતવું, ખરેખરૂં રણ ખેત;
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨
ગાફલ રહીશ ગમાર તું, ફોગટ થઇશ ફજેત;
હવે જરૂર હુંશીયાર થઇ, ચેત ચેત નર ચેત. ૩
તન ધન તે તા'રા નથી, નથી પ્રિયા પરણેત;
પાછળ સૌ રહેશે પડયાં, ચેત ચેત નર ચેત. ૪
પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત;
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫
રહ્યા ન રાણા રાજીયા, સુરનર મુનિ સમેત;
તું તો તરણા તુલ્ય છે, ચેત ચેત નર ચેત. ૬
રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત;
પછી નર તન પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ૭
માટે મનમાં સમજીને, વીચારીને કર વેત;
કયાંથી આવ્યો કયાં જવું, ચેત ચેત નર ચેત. ૮

કાળા કેશ મટી ગયા, સર્વે બનિયા સ્વેત;
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૯
શુભ શિખામણ સમજ તો, પ્રભુ સાથે કર હેત;
અંતે અવિચળ એજ છે, ચેત ચેત નર ચેત. ૧૦

# શ્રીપાર્શ્વનાથ સ્વામિની લાવણી.

(રાગ—કાનુડો ન જાણે મારી પ્રીત બાઇ અમે બાળ કુંવારા રે.)
નગરી વણારશી રાયા, વામાદે રાણી જાયા,
સુપના પાયા દશ ને ચાર, ઉજ્વલ ઝલલલલલ રે.
પાર્શ્વજીન સુણજો મોરી અર્જ(૨)વિનવે સેવક તારોરે.પાર્શ્વ.૧
બાળક્રીડાને કરતાં, આંગળીએ વળગી ફરતાં;
કટીમેખલા ખલકે કેડે સાર, ખલકે ખલલલલલરે. પાર્શ્વ. ૨
માતા વદે છે વાંલા, ચાલો કુંવરજી પ્યારા;
વંદન કરવા કેરે કાજ, જઇએ ખરરરરરરે. પાર્શ્વ. ૩
પ્રભુ પુછે છે જાણી, કહો કોની મીઠી વાણી;
વરસે અમીરસ જળ ધાર, જાણી ઝરરરરરરે. પાર્શ્વ. ૪
બડે જોગીસર રાયા, ગંગા કીનારે આયા;
લાગી છે તાળી તપની તોય, તનમાં તનનનનનરે. પાર્શ્વ. ૫
માતાના મનને ભાવે, સૈન્ય શણગારી જાવે;
છીજા ટંકોરા બાજે સાર, ચાલત ઇનનનનનરે. પાર્શ્વ. ૬

અવધિજ્ઞાને શું દેખી, જલતા જુગલ સાપ પેખી;
થાય છે હૃદયમાંહિ એમ, જીવને થરરરરરરે. પાર્શ્વ. ૭
રે રે અભીમાની તું તો, તપ અજ્ઞાની બાલા;
દયાનો નહિં છે તુજમાં દાવ, કહું છું જરરરરરરે. પાર્શ્વ. ૮
લક્કડ લઈને ન્યારા, ફાડી દેખાવત પ્યારા;
નાગ નાગણી કાઢયા બાહાર, જળતાં જળળળળળરે. પાર્શ્વ. ૯
મહીમા ઘટાવી વા'લા, પાછા વળીને ચાલ્યા;
કીયો નીચાણો ક્રોધે ઝેર, જેવો હળળળળળરે. પાર્શ્વ. ૧૦
સંસારી ફંદ છોડી. સંજમશું પ્રીતિ જોડી;
ધ્યાન ધારાએ ચડીયા શ્યામ, કહીએ ધનનનનનરે પાર્શ્વ.૧૧
આવ્યો અવધિએ નીરખી, કમઠ હૈયામાં હરખી;
વસીયા છે વાસ જેહી સ્થાન, એવો વનનનનનરે પાર્શ્વ.૧૨
ગુંજ વાયુને વેગે, રજ ચડી છે તેગે;
મંડલ પવને વાજે વાય, ફરકે ફરરરરરરે. પાર્શ્વ. ૧૩
શ્યામ ઘટાથી ચડીયો, મેઘ આવીને અડીયો;
વરસે વૃષ્ટિ ઝરમર ધાર, જેવી ઝરરરરરરે. પાર્શ્વ. ૧૪
કાળી લીલી ને રાતી, વાદળીયાં વિધવિધ ભાતી;
ચડી અસમાને કરતી જોર, અતીશે કડડડડડરે. પાર્શ્વ. ૧૫
વીજળીઓ ચઉદીશ ચમકે, ધરણી તો ધમધમ ધમકે;
પડે પરનાળુ પૃથ્વીપર, ચાલે દડડડડડરે. પાર્શ્વ. ૧૬

નાસીને તાંહી વાલા, આવ્યા છે નદીએ નાલા;
જાય ખલકતાં નિર્મળ નીર, ચાલે ખળળળળળરે. પાર્શ્વ. ૧૭
ધરણીંદ્ર ને પદ્માવતી, બહુલી છે જાશ શક્તિ;
ચળીયો છે અચળ આસન આજ, તેનો ચળળળળળરે. પાર્શ્વ.૧૮
સહસ્ર ફેણુનો કરીયો, છત્ર લઈ શીરપર ધરીયો;
કમઠ આવીને પડીયો પાય, કરતો થનનનનનરે. પાર્શ્વ. ૧૯
કાનમાં કુંડળ ઝળકે, કર મેં કંકણુ ખલકે;
પાંઉમેં ઝાંઝર ઝમકે જેમ, ગાજે ઘનનનનનરે. પાર્શ્વ. ૨૦
નોબત નગારા રણુકે, સતાર તાર ઝણુકે;
સરાયુ વાજે સરલે સાદ, જાણે છનનનનનરે. પાર્શ્વ. ૨૧
વેણુા વાંસળીયો વાજે, ઘુઘરીઓ ઘમઘમ ગાજે;
તાલ, મૃદંગ સજીયા સાજ, કીવક કનનનનનરે. પાર્શ્વ. ૨૨
દીવસ તીન વિત્યા, કમઠ તો તોહી ન બીતા;
પાસ વરસે પારા વાર, જળથી ઝરરરરરરે. પાર્શ્વ. ૨૩
ઇંદ્ર ઉપયોગે જાણી, તરત બાંધ્યો છે તાણી;
નમાડયો આણી પ્રભુ પાય, વધતો ધનનનનનરે. પાર્શ્વ. ૨૪
જૈન આગમ ધર તારા, ચરણે સદાની વાલા;
નથુજી મુનિ ગુણુ ગાય, તારો તનનનનનરે. પાર્શ્વ. ૨૫

# દીવાળીના પ્રસંગે દારૂમાં દેવતા ને પૈસામાં પાણી.

---

(સુણ ચતુરસુજાણ પરનારીશું પ્રીત કબુ નવ કીજીએ.)
કેવો આ ચાલ, લક્ષ્મીમાં હાથેથી લાહ્ય મુકાય છે;
સમજુ નરનાર, પરદેશી પસાને ઘસડી જાય છે.
વગડો વેઠી ધંધો કરતાં, મહા કષ્ટ સહી નાણું રળતાં;
લાહ્યો મુકવામાં નથી ડરતાં, કેવો આ ચાલ. ૧
લક્ષ્મી દઇને દારૂ લેવો, સળગાવે છે જંતુ તેઓ;
જમ કે જન શું તેને કહેવો, કેવો આ ચાલ. ૨
મળશે શું એથી લાભ કશો, હાથેથી હિંદ દુઃખી કરશો;
ના કામ કદી એ આદરશો, કેવો આ ચાલ. ૩
દાના જન શીખ ઉરે ધરશો, આ કાર્ય કદી નહિ આદરશો;
સજ્જન મહા પાપ ગણી ડરશો, કેવો આ ચાલ. ૪
પાણી પૈસાનું થાય ઘણું, પણ લે બમણું તમણું;
લવલેશ નથી જોતાં જમણું, કેવો આ ચાલ. ૫
ખીસ્સા પર કાતર નવ ધરીએ, કુચાલ કુળેથી પરહરીએ;
વ્યાખ્યાન ગુરૂ કહે તે કરીએ, કેવો આ ચાલ. ૬
લાખોના છે ઢીલા લમણા, ધંધા વિણુ ધનના છે શમણાં;
અન્ન વિણુ જમતાં નીજ ભાઇ ઘણાં, કેવો આ ચાલ. ૭

મીઠી વસ્તુ મળતી સારી, તે લાવી કરજો દીવાળી;
દારૂ મુકે છે ઘર બાળી, કેવો આ ચાલ. ૮
વ્યાખ્યાન તણી વાણી સારી, કેશવ કૃત શુભ ગહુંલી ગાઈ;
દવ હાથે નવ મુકો ભાઈ, કેવો આ ચાલ. ૯

# ઉપદેશી સજઝાય.

હાંરે ભાઇ વાર ન કોઈથી થાય રે, કાયા ગઢ ઘેર્યો;
એનો જીવ એકીલો જાય રે. કાયા. એ ટેક.
સગાં વહાલાં સર્વે વીંટીને બેઠાં, (૨)
પુંભડે પાણીડા ટોવે રે. કાયા૦ ૧
ગીતા રૂવે રે એની પરણી રૂવે, (૨)
એના પોંચા પકડીને રોવે માત રે. કાયા૦ ૨
બેટો રૂવે રે એની બેટી રે રૂવે, (૨)
એના બંધવથી દુઃખ ન લેવાય રે. કાયા૦ ૩
સગાવહાલાં સર્વે વીંટીને બેઠાં, (૨)
પછે હંસ એકલડો જાય રે. કાયા૦ ૪
ચકલા સુધી રે એને સર્વે વેળાવે, (૨)
પછી પ્રીત પલકમાં તોડી રે. કાયા૦ ૫
બારમું તેરમું ને માસ છમાસી, (૨)
એની વરસી કોઇ ન સંભાળે રે. કાયા૦ ૬

એવું જાણીને જે કોઇ જૈન ધર્મ કરશે, (૨)
એનો મુક્તિમાં થાશે વાસ રે. કાયા૦ ૭
સંવત અઢાર ને વરસ સત્તાવીશ, (૨)
એ કર જોડી ઋષી કહે ભગવાન રે, કાયા૦ ૮

## અજ્ઞાનમાં દુઃખ રહ્યું છે તે વિષે.

(રાગ—ધોળ.)

સદા સુખીયા જગતમાં સંત, દુરીજન દુઃખીયારે;
નાવે અકળામણુનો અંત, મુરખમાં મુખીયારે. ૧
ફ્રુવે રાત દિવસ સહુ રાંક, ભુખે તન ભટકેરે;
વડો પૂર્વજન્મ નો વાંક, ખરેખરો ખટકેરે. ૨
તાલેવંત ને અંતરે ત્રાસ, ધાખના રે છે ધનનીરે;
રખે થઈ જાય નાણાનો નાશ, મહા વ્યાધિ મનનીરે. ૩
સુવાસણુને ધણીનો સંતાપ, હુકમ કરે હાળી રે;
વિધવાના તો પુરણ પાપ, ઉમર ઓશીયાળી રે. ૪
વણુ પરણેલા મનમાં મુંઝાય, ફોગટ જેવા ફરીયે રે;
પરણેલા તો પુરણ પસ્તાય, હવે શું કરીયેરે. ૫
જોગ લાગ્યા તે લીધો ભેખ, બોલે એવું બાવારે;
પડી રાખમાં રાબડ રેખ, એથી થયા આવારે. ૬
જેને પ્રપંચ ઉપર પ્રીત, ઝુરે એ તો ઝાઝુંરે;
ઋષી રાજની સમજે રીત, તેને સુખ તાજું રે. ૭

મહા દુઃખ ધરે મહિપાળ, ઘણા વેરી ગાજે રે;
ઝેર દીધાની અંતરે ઝાળ, દાહાડી દીલ દાઝે રે. ૧
પુત્રવંતીઓ કુટે પેટ, છક્કી ગયા છૈયા રે;
કરૂં ક્યાં લગી તારી વેઠ, કાળા મોંના કૈયા રે. ૨
જેની રહે છે કુંવારી કુંખ, એ તો ઢાળે આંસુ રે;
દા'ડી સંભારે દારૂણ દુઃખ, જનમ ગયો ફાસુરે. ૩
ઋણવંત કરે કકળાટ, દેવામાંહિ ડૂલ્યો રે,
આઠે પો'ર અખંડ ઉચાટ, ભજન એથી ભૂલ્યો રે. ૪
ઓછા કુળવાળા અકળાય, વધી ગયા વાંઢા રે;
પ્રભુ સરજાડયા શીદ આપ, ન સરજાડયા ઢાંઢારે. ૫
જેને પ્રપંચ ઉપર પ્રિત, દારૂણ એ તો દુઃખીયારે;
ઋષીરાજની સમજે રીત, સદાય એ તો સુખીયારે. ૬

---

ડાહ્યાના દીલ દહાડી દુભાય, ભોગે થયા ડાહ્યા રે;
ઘડી જંપ્યા નહીં ઘરમાંય, કર્યાં લોકે કાહ્યા રે. ૧
મુરખા મનમાંહિ મુંઝાય, પશુ જેવા પાડયા રે;
ખુણે જઇ નિશાશા ખાય, ઝુરી ઝુરી થાકયા રે. ૨
ભણેલાનો જડે નહિં ભેદ, ગયું સુખ છેટે રે;
વાંચી વાંચી ઉથામ્યા વેદ, જાણ્યું બ્રહ્મ ભેદે રે. ૩
દયાવંતને અંતરે દાઘ, દુખે ભરે ડગલું રે;
રાજા ભરતે તજ્યું બધું રાજ, તોયે થયા મૃગલું રે. ૪

જોગી થઇને સાધે ધન જોગ, સિદ્ધિયોના સારૂં રે.
વાધે અંતરે વાસના રોગ, વડુ દુઃખ વારૂં રે; ૫
દેવલોકમાં વળીયો દાટ, જરાયે ન જપીયા રે;
ઇંદ્રને આઠે પોહોર ઉચાટ, ત્રાસે જોઈ તપીયારે. ૬
જેને પ્રપંચ ઉપર પ્રીત, એને દુઃખ દરીયારે;
ઋષીરાજની સમજે રીત, સુખે એ તો વરીયારે. ૭

---

# હિંસા તજવા વિષે.

---

(રાગ—લાવી લાવી લાવી રે, મહારાણી ખબર એક લાવી.)

દુઃખદાય છે દાય છે દાય છે રે,
ખરેખરી હીંસા દુઃખદાય છે. ટેક.
મળ્યો મનુષ્યનો દેહ છતાં તું,
ખોટ મફતનો ખાય છે રે. ખરે. ૧
ઝાંઝવા દેખીને દૂરથી મૃગલો,
પાણી ધારીને જેમ જાય છે રે. ખરે. ૨
સંસાર અટવીમાં તેવીજ રીતે,
ફોગટ ફેરા થાય છે રે. ખરે. ૩
તુંને જેવું તારૂં જીવતર વલ્લભ,
તેવી વલભાળી છ કાય છે રે. ખરે. ૪

એવું સમજી જે જાણે તેનાથી,
દાન અભય દેવાય છે રે. ખરે. ૫
દાન એવું નીશદીન દીયે તેના,
ગુણો જગતમાં ગવાય છે રે. ખરે. ૬
ચેતવું હોય તો ચેતી લે મુરખા,
અવસર એળે જાય છે રે. ખરે. ૭
કેવળીનાં કે'ણુ કાને ધરે નહિં,
તે હાથે કરીને હણાય છે રે. ખરે. ૮
પોતાની નૌકામાં પોતાના કરથી,
મધ્ય દરીયે ડુબાય છે રે. ખરે. ૯
નાગર કહે લે શરણું તું સંતનું,
જ્ઞાનના પ્યાલા પાય છે રે. ખરે. ૧૦

## સંસાર અસાર વિષે.

(રાગ—લાવણી. મુજ ઉપર ગુજરી.)

અતિ પાપ ભર્યો સંસાર. દુખનો દરિયો,
ખોટો દુનિયાનો ખેલ, દોષનો ભરિયો;
માયાની ખોટી જાળ, પાપ દેનારી,
ધિક્કાર દુષ્ટ સંસાર, ગણો નરનારી. ૧
ક્ષણ ક્ષણમાં અગણિત દોષ થાય છે અંગે;

માથે લેવી જાળ સગાંની સંગે;
બાજીગર કેરો ખેલ જુઓ ઉર ધારી,
ધિક્કાર દુષ્ટ સંસાર ગણો નરનારી. ૨
ધિઃક સગા સંબંધી સર્વ ધિઃક સગાઇ,
ધિઃક પત્નિ ને પરિવાર અતિ દુઃખદાઇ;
ધિઃક દેહ ભક્તિ વિના પાપ રૂપ અતિ ભારી,
ધિક્કાર દુષ્ટ સંસાર ગણો નરનારી. ૩
જે જન્મ પામીને ધર્મ કરે નહિં ભાવે,
ધિક્કાર તેહી નરનાર નરકમેં જાવે;
ધિઃક સ્વપ્ન જેવો સંસાર ઝાળ દુઃખીયારી,
ધિક્કાર દુષ્ટ સંસાર ગણો નર નારી. ૪
ધિઃક શાસ્ત્ર સૌ કહે વિશ્વને નિત્યે,
શું મોહી રહ્યા તેમાં મીત્ર તમે બહુ ચીત્તે;
મુનિ માણેકચંદ્રની શીખ લીયો ઉર ધારી,
ધિક્કાર દુષ્ટ સંસાર ગણો નરનારી. ૫

---

## શ્રી રૂષભદેવ સ્વામિનું સ્તવન.

(રાગ–ધનાશ્રી.)

તારો જુગદાધાર રીખભજીન તારો જુગદાધાર. ટેક.
નરભવ પામ્યો પુન્યને ઉદયે,
જરીયે ન શોધ્યો સાર. રીખભજીન.

કામી ક્રોધી લોભી નિવડયો,
જનુનિએ વેઠયો ભાર. રીખભજીન.
મોહરૂપી માયામાં પડિયો,
થયો જુગારી જાર. રીખભજીન.
તુજ વિણુ કોણુ ઉગારે જીનજી,
તુજ સેવકને તાર. રીખભજીન.
માઠાં કર્મે થયો મતિમય,
પ્યાર કીધો પરનાર. રીખભજીન.
પુરણુ પાપી બનીયો આજે,
ધિક્કાર મુજ અવતાર. રીખભજીન.
બગની પેરે મેં બહુ ઠગીયા,
ત્રાહ્ય કીધા નરનાર. રીખભજીન.
એ સહુ પાપો માફી આપો,
કરી ક્ષમા આવાર, રીખભજીન.
મરૂદેવા માતાજીના જાયા,
નાભીરાજ કુમાર. રીખભજીન.
અયોધ્યા નગરીએ જન્મ્યા પ્રભુજી,
શુભ શીવ લંછન સાર. રીખભજીન.
બેઉ કરજોડી સેવક વિનવે,
કર કરૂણા કીરતાર. રીખભજીન.
પર્મ દયાળુ દેવ તું સાચો,
કર અહી પાર ઉતાર. રીખભજીન.

# શ્રી આત્મ ઉપદેશ.

( રાગ-કડખાની દેશી. )

જ્યાં લગી આત્મા સ્વરૂપ સમજ્યો નથી,
ત્યાં લગી ઘાણીના બળદ જેવું;
દેખીએ વેષ બાજી ગરી,
સ્વરૂપ સમજ્યા વિના લેવું. ટેક.
શું થયું મસ્તકે મુંડ કરવા થકી,
શું થયું મૂહુપતી મુખ બાંધે;
શું થયું સૂત્રનું શ્રવણ કરવા થકી,
શું થયું ઘ્રત વિના અન્ન ખાધે. જ્યાં૦ ૧
શું થયું ધન ધરા ધાનને છાંડવે,
શું થયું ઘર ઘર ભીખ માગે;
શું થયું છઠ અઠમ, આંબિલો ને કરે,
શું થયું સર્વ અનપાન ત્યાગે. જ્યાં૦ ૨
શું થયું પૃથ્વી પર પથરણું પાઠવે,
શું થયું સ્નાન શણુગાર તજવે;
શું થયું ટાઢ તડકો અતિ ભોગવે,
ભાન વિણુ ભક્ત બની ભજન ભજવે. જ્યાં૦ ૩
શું થયું વસ્ત્ર ધોળાને ધારણ કરે,
શું થયું પગરખા પગ ન ઘાલે;

શું થયું રજહરણે પુંજી પગ મુકવે,
શું થયું ચતુરની ચાલ ચાલે. જ્યાં૦ ૪
માસ પર માસ અપવાસથી શું થયું,
શું થયું ઉપધી ઉપર છોડે;
મુચ્છ મસ્તક તણા લોચને શું થયું,
શું થયું પરતણા માન મોડે. જ્યાં૦ ૫
વિદ્વતા માટ વ્યાકરણ જાણે શું થયું,
શું થયું વડી વડી વાત કરવે;
શાસ્ત્ર અભ્યાસ કરવા થકી શું થયું,
શું થયું સંતનો વેષ ધરવે. જ્યાં૦ ૬
ભભકથી ભાષણો ભાંખવે શું થયું,
શું થયું ઉપરથી ટેવ ટાળે;
ભદ્રીક ભદ્રીક ભરમાવવે શું થયું,
શું થયું પરતણા મન પલાળે. જ્યાં૦ ૭
શું થયું લીપીનો લક્ષ લીધા થકી,
શું થયું આબરૂ ઇજત જામે;
શું થયું રંગને રાગ જાણ્યા થકી,
શું થયું સર્વ સ્થળે માન પામે. જ્યાં૦ ૮
વન વિષે વાસ વસવા થકી શું થયું
શું થયું સર્વના ગુણ વખાણે;
વાદ વિવાદ ચરચા કરે શું થયું,
શું થયું મહરષીક પદ અપાણે. જ્યાં૦ ૯

સુમતિ વિણુ સામાયક કરે શું થયું,
શું થયું નિત્ય પ્રતિક્રમણુ કીધે;
જાણ્યા નહિં જુગદીશ તો શું થયું,
શું થયું નિત્ય નિત્ય પ્રભુ નામ લીધે. જ્યાં૦ ૧૦
ઉપરના સર્વ આચાર જે વર્ણવ્યા,
સર્વ ઉત્તમ જન સો તપાસે;
શમ્ય શ્રેણી થકી સર્વ અમ્રત સમા,
વિષમ શ્રેણી થકી વિખ થાશે. જ્યાં૦ ૧૧
દ્રષ્ટી સમ્યક્ તેથી દેખશે જાહરે,
સર્વથા રાગ ને દ્વેષ જાશે;
સુર શશી સ્વામિનો શિષ્ય લધુચંદજી,
કહે કર્મ છોડી સુખ પાશે. જ્યાં૦ ૧૨

---

# ચેતનને શિખામણ.

---

( રાગ—પુનમ ચાંદની. )

સજજનો ચેતો ચેતો અવસર રૂડો જાય છે રે,
પીતા જાણે પુત્ર મારો મોટો થાય;
પણુ તે ભૂલ ઘણી આવરદા ઓછી થાય છે રે. ટેક.
સાખી—બાળપણુ બુદ્ધિ વિના, જુવાનીમાં ગુમાન;
ઘડપણુ આવ્યું દોહલું, કાયાનું નહિં ભાન.

મોશમ ત્રણે ફરી ચાલી ગઈ તુજ હાથથી રે,
ખોટા બ્હાના કાઢી કીધો નહીં સત્કાર. સજ્જનો. ૧

**સાખી**—ધમણ ધમતી રહી ગઇ, બુઝી ગયો અંગાર;
એરણ ટકોરો લઈ રહી, ઉઠી ગયો લૂહાર.
ધમણ ચાલુ છે ત્યાં કર બધો વિચાર તું રે,
ઘડયને હૃદયમાં રૂડા ઘાટ. સજ્જનો. ૨

**સાખી**—હંસગતી હાથે કરી, ગુમાવો નહીં ભાઇ;
મોતી ચરવા મૂકીને, કાદવમાં મન જાય.
વારે વારે હંસગતી હાથે નહિં આવશે રે,
માટે સમજી સમરો ચિત્તે શ્રી અરિહંત, સજ્જનો. ૩

## ઘડપણ વિષે.

( રાગ—ધોળ. )

જન્મ જરા મરણ જીવને સદા, પડે ભોગવવા વારંવાર;
કર્મ કરનાર, ઘડપણ જ્યારે આવશે. ૧
જરા ફોજ જુવાની ને લુંટશે, કાયા નગરના કરશે બેહાલ;
માન્યામાં છે માલ. ઘડપણ૦ ૨
દેવી જરણ તે આવશે જ્યાહરે, ત્યાહરે જોબન જોર વીખાય;
ગાત્ર ગળી જાય, ઘડપણ૦ ૩
કેડ વાંકી વિશેષ વળી જશે, કેશ શ્યામ ટળી થાશે શ્વેત;

માટે વ્હેલો ચેત. ઘડપણ૦ ૪

વપુ માત્રમાં ધ્રુજારો છુટશે, ખુટશે બળ વિર્ય ખચીત;
નકી નિત્ય નિત્ય. ઘડપણ૦ ૫

લેવી પડશે લજામણી લાકડી, જાવું પાદર જ્યારો પરદેશ;
સાંભળ ઉપદેશ. ઘડપણ૦ ૬

પછી આંખે અંધારૂં આવશે, કાને સાંભળવાના સોગાન;
મટી જશે માન, ઘડપણ૦ ૭

લાળ લીંટ લવરી વધશે ઘણી, બુદ્ધિ બુઢાપણે જાશે બાહાર;
વ્હેલો તું વિચાર, ઘડપણ૦ ૮

લવરી મેલો લોકો ઘરના વદે, ટુંકારાની તો પડે તડપીટ;
વ્હેલો બાજી વીંટ, ઘડપણ. ૯

વારે વારે વહુવારૂ વઢયા કરે, ત્યારે મળશે ભાભાજીના ભોગ;
જ્યારે થાશે રોગ, ઘડપણ. ૧૦

મોત આવી ભાભો મરતા નથી, નથી ટળતા બહાર બજાર;
ઘડી એક વાર, ઘડપણ. ૧૧

ભાવે ઘડપણમાં રાબ ને રોટલી, કેળા પય પકવાન કંસાર;
દેરા દળી જાર, ઘડપણ. ૧૨

દાઢી ડગડગસે વિણુ દાંતથી, ખાંતેથી ન ખોરાક ખવાય;
ચાવ્યું ન ચવાય, ઘડપણ. ૧૩

મુખ માંકડા જેમ મળીજશે; શોભા શરીર તણી ઘટી જાય;
વરવો વેષ થાય, ઘડપણ. ૧૪

વાંકી મુછનું માન મટી જશે, તારૂં ડા'પણ બેસશે દૂર;
જોજે તું જરૂર, ઘડપણ. ૧૫
એમ જાણી સેવક સંતનો કહે, કરો અવિચળ પદ કેરૂં કામ;
લેઈ પ્રભુ નામ, ઘડપણ. ૧૬

## સંસાર અસાર વિષે.

( રાગ—લાવી લાવી લાવાંરે મહારાણી. )

જાણી જાણી જાણી રે,
મેં તો જૂઠી જગત રીત જાણી. ટેક.
જોબન તારૂં જરૂર જવાનું (૨),
થશે બધું ધુળધાણી રે, મેં'તો ૧
સર્વેને એક દીન જાવું અચાનક (૨),
હોય રાજાકે ભલે રાણી રે, મેં'તો ૨
પરણ્યાને દીન પાંચ થયા ત્યાં તો (૨)
ઓચિંતાની રંડાણી રે. મેં'તો. ૩
એક ઘેર રૂડા ગીત ગવાયે (૨),
બીજે કાણુ મંડાણી રે, મેં'તો. ૪
જેહ સ્થળે સ્ત્રીઓ મંગળ ગાતી (૨),
ત્યાં પીટણીઓ પીટાણી રે. મેં'તો. ૫
લક્ષ્મીવંત તું હશે કદી તો (૨),
કરશે તુને તાણા તાણી રે, મેં'તો. ૬

કર્મ કઠણુથી તું નિર્ધન બનીયો (૨),
પાશેર ન પાશે કોઈ પાણી રે, મે'તો. ૭
છતે બળે બળહીન બનીયો (૨),
અજ્ઞાનની એ એંધાણી રે, મે'તો. ૮
અનંત જ્ઞાની એવા આતમ ઉપર (૨),
કર્મની છાલ છવાણી રે. મે'તો. ૯
જાણ્યા છતાં જોતો નથી જરીયે (૨),
કરવી કેટલી કહાણી રે. મે'તો. ૧૦
સંત શિષ્ય કહે મુજને લાગે (૨)
વાલી તે વીરજીની વાણીરે, મે'તો ૧૧

---

# જગત્‌ની જુઠી માયા વિષે.

---

( રાય—આશા ગોડી. )

જૂઠી જગતની માયા, અહો બંધુ જૂઠી જગતની માયા, ટેક.
જે પર તું નિત્ય પ્રેમ ધરે છે, પણ નહી એ તુજ માયા. અ૦
રાક્ષસી કેરૂં રૂપ લઇને, ચૂસે છે તારી કાયા; અ૦
રાગ દેખાડી અંધ કરે છે, પણ છે વાદળ છાયા. અ૦
ઇંદ્રજાળ કરીને તુજને ફસાવે, ભૂલ્યા સુરી નર રાયા, અ૦
સગાં કુટુંબ સહુ સ્વારથે તારા, પણ નહીં અંતે સખાયા. અ૦

ચીહુ ગતિમાંહિ જીવ ભમે છે, વેશ ધરે જ્યું ભવાયા, અ૦
જાવું એકીલું દેહ છોડીને, આવે કર્મ કમાયા. અ૦
પાપ બાંધીને કર્મ કરો પણ, કામ ન આવે માયા; અ૦
ધામ ધરા ધન ધુળ ગણી તું, ભજ ભય હર જીનરાયા, અ૦
રત્ન કહે તું સમજ કરીને, બાંધ ધર્મના પાયા. અ૦

# સટોરીયાને શિખામણ.

(છપ્પો.)

સટ્ટો શત્રુ જાણ, જરૂર જન લાજ ગુમાવે,
આપે કષ્ટ અપાર, કૃળમાં આગ લગાવે.
ટળે ત્વરાથી ધન, અને પરમેશ્વર રૂઠે,
ભુવન કરીદે ભસ્મ, બોલતાં શીખે જૂઠે.
સટ્ટેથી વહેવાર સુખ, પળમાં વીણસી જાય છે,
સટ્ટાના કરનાર સહુ, અંતે દુખીયા થાય છે.

( રાગ—ચાબખાનો. )

ખરેખર સ્વાદ છે ખારો રે, સટ્ટામાં સુખ ન ધારો રે, ટેક.
કુળ કલંકીત થાય છે તેથી, જાય છે જશ જરૂર;
વાય છે વાયરો જે જન ને તે, ખાય ખત્તા ભરપુર
આવે ના દુઃખનો આરો રે. સટ્ટામાં. ૧

કાયા કસ્યા વિણુ નાણું કમાવે, મુરખ જાણે મનમાંય.
અક્કડ વસ્ત્રો પહેરીને ફક્કડ; જોટાનાં પાટીયે જાય;
મળે જ્યાં સંગ નઠારો રે. સટ્ટામાં. ૨

ખાધા દીધા કહી પાડે બરાડા, નાચે કુદે મકલાય.
તાર આવ્યો ને ભાવ જાણ્યો કે, તાવ ચડે છે ત્યાંય;
હારેલા ધ્રુજે હજારો રે, સટ્ટામાં. ૩

દેવું દેવાને નાણું ના હોય, તો હડકાયા થાય.
મુખ વીલે કાંઈ માગે ઉછીનું, આમથી તેમ ચહાય;
આવે ભીખ માગવા વારો રે, સટ્ટામાં. ૪

ભાવતા ભોજન જે જમતારે, માગતાં ઘેર ઘેર.
તોયે ન પુરૂં પેટ ભરાયે, હાલ થયા તે પેર;
વહે આંસુ આંખીયારા રે. સટ્ટામાં. ૫

લાખોના લેખાં જે ઘેર થાતાં, તે નર પડતા પાય,
શેર મીઠું ના નામે લખાતું, જ્યાં ત્યાં હડધુત થાય;
પડે પુરા ફોટકારો રે. સટ્ટામાં. ૬

સટ્ટો સહુ જનને દુઃખદાઇ, ખટ્ટો છે સ્વાદ અથાગ;
બટ્ટો લગાડે બાપના નામને, કટ્ટો એ કાળો નાગ,
માટે મમ વીર વિચારો રે. સટ્ટામાં. ૭

# ગુરૂ અને શેઠનો સંવાદ.

ગુરૂ.—અરે શેઠજી ! કાલ સવારે લાલ બાગમાં મોટી જાહેર સભા ભરાવાની છે, જેની અંદર પધારવા માટે સર્વેને હેન્ડબીલ દ્વારાએ આમંત્રણ આપેલ છે. ત્યાં મોક્ષની ગતિ કેમ પ્રાપ્ત થાય, તે વિષે વિવેચન થશે, માટે જરા ત્યાં પધારવા કૃપા કરશો.

**શેઠ**—હેન્ડબીલ તમારૂં ભાળ્યું, તેમાં દેખાડયું મોક્ષ પુરનું બારૂં;
હાલ કામમાં નથી નવરાશ, ગુરૂરાજ મારા ઘડપણમાં ગોવિંદ ગાઇશું. ૧

ગુરૂ—અરે શેઠજી ! તમારે બબે તો દીકરા છે, છતાં સંસારની વ્યાધી કેમ મુકતા નથી ?

**શેઠ**—મોટો છોકરો જૂગારી થયો છે, નાનો છોકરો વિલાયત ગયો છે;
એવો ઘમરોળ ચાલી રહ્યો છે, ગુરૂરાજ૦ ૨.

ગુરૂ—અરે શેઠજી ! તમારી તીજોરીની અંદર સાઠ લાખ રૂપિયા તો રોકડા પડેલા છે, માટે જરા સમજો.

**શેઠ**—સાઠલાખની પુંજીને શું કરીએ, સાઠ અબજ તીજોરીમાં ભરીએ.
ત્યારે કાંઇક શાન્તિ દીલ ધરીએ, ગુરૂરાજ૦ ૩.

ગુરૂ—અરે શેઠજી ! સાઠ લાખ રૂપિયા ઉપરાંત આ મુંબઇ ઈલાકામાં રહી, વધુ પ્રાપ્ત કરી શકશો નહિ; માટે શેખસલ્લીના મનસૂબા મુકી દ્યો.

શેઠ—યૂરોપ આફ્રિકા સુધી વિચરશું,આસ્ટ્રેલીયાનું સોનું સંઘરશું;
અમેરીકાની લક્ષ્મી અહિં ભરશું, ગુરૂરાજ૦ ૪.

ગુરૂ—અરે શેઠજી ! તમારે ત્યાં સો દોઢસો તો માળા છે, પચાસ તો મીલ પ્રેસ ને જીન છે; જેનાં વ્યાજ ભાડામાં ખાઓ પીઓ ને મજા કરો, અને વધુ ન બને તો પરમાત્માના નામની એકાદ માળા ફેરવો.

શેઠ—હજી થાશું હજાર મીલવાળા, ઉપર બારસેં બાંધશું માળા;
ગુરૂ કોની ફેરવીએ માળા, ગુરૂરાજ૦ ૫.

ગુરૂ—અરે શેઠજી ! તમારી સાઠ વર્ષની ઉમર થઇ, કાળા ફીટી ધોળા થયા મોઢે કડચલી વળી ગઇ, ચાલતા અંગ ધ્રુજે છે, માટે જરા વિચારો; યાદ રાખજો કે મરતી વખતે કેડનો કંદોરો પણ લઇ લેશે.

શેઠ—સાઠ વર્ષની ઉમર છે અમારી,તે શું આંખે આવી છે તમારી;
હજી લાવવી છે નવી નારી, ગુરૂરાજ૦ ૬.

ગુરૂ—અરે શેઠજી ! યાદ રાખજો કે, તમારે તમારી કરણીનાં ફળ અવશ્ય ભોગવવાં પડશે. બિચારી નાજુક બાળાનો ભવ બગાડવા જેવું એક નિર્દય કામ, તમારા જેવા અક્કલના ઓથમીરો થીજ બને. જ્યારે કર્મ ઉદય આવશે ત્યારે રોતા પણ છુટકારો થશે નહિં.

# શ્રાવકને શિખામણ.

( રાગ—કેરબો. )

શું સુકૃત કીધું સાર, તું તો શ્રાવકનો અવતાર,
જીવડા જીનજીને સંભાર, નહિતો નરકમાં જાનાર;
આ નરકમાં જાનાર, ત્યાં તો ખાશો જમના માર. શું૦ ૧
આપ બડાઈ કરીને અતિશે, મોટો થઈને માણ્યો;
શ્રાવકપણું તો સમજ્યો નહીં, ને હડફ હુક્કો તાણ્યો. શું૦ ૨
હાલ ચાલને હોકો પીવા, તલપ તમાકુ કેરી;
ચલમ ચીપીયો હાથમાં ઝાલી, નેહ ને ફુંકતો તાણી.શું૦ ૩
ખાઇ પીને સુતો ખાટલે, ફડફડ હુકો તાણ્યો;
ડોલા ખાતા ઢળી પડયો, હુક્કો ભીંતે મૂકયો. શું૦ ૪
કીડી મકોડી કરોળીયાને, મચ્છર તણો નહિં પાર;
તડ તડ તુટે ધાણી ફુટે, અગ્નિમાં પોકાર. શું૦ ૫
પોતાના એ પ્યારા બચ્ચાને, પ્રીત કરીને પાળે;
અવાચક જીવોને આગ લગાડી, અડધી રાત્રે બાળે. શું૦ ૬
અવાચક જીવોને આગ લગાડી, દીધું ભારે દુઃખ;
દુઃખીયા જીવોની દયા ન જાણી, કયાંથી પામે સુખ. શું૦ ૭
પુરવ પુન્યે પામ્યા તમે, ઉંચ કુળ અવતાર;
હોકો બીડી અફીણ તમાકુ, છોડી દ્યો નરનાર. શું૦ ૮

કોઇ કીતાબે કહ્યો ન હુકો, હીંદુ મુસલમાન;
કરમ ધરમની ખબર ન જાણી, ખોઇ બેઠો ઈમાન. શું૦ ૯
આ અવસર એવો નહીં આવે, ફરીને વારંવાર;
માની લ્યો પંડિત સુંદરલાલનું, ઉતરવા ભવપાર. શું૦ ૧૦

# નઠારી પ્રકૃતિ વિષે.

( રાગ—મુરખે નાર કુભારજા આણી. )

સુધરી કયમ બને સારી, જેની પડી પ્રકૃતી નઠારી. ટેક.
મુખેથી મોર જેમ મીઠું બોલે, કેડે તે રાખે કટારી;
કંથવાને દેખી કરૂણા બતાવે, માણુસને નાંખે મારી, સુ૦ ૧
તોલાને ત્રાજવા તરકટ ભરેલાં, માપમાં મેળ ન લગારી;
જુઠું તો જીભની સાથે જડેલું, સાચાને મેલ્યું સુવારી. સુ૦ ૨
ધર્મના કાનમાં ધાંધલ મચાવે, ખરચ્યાની વાત લાગે ખારી;
પરમાર્થે તો પાપ લાગે પણ, સ્વાર્થે નાંખે સંહારી. સુ૦ ૩
પુરવ પુન્ય પર પાણી ફેરાવી, પાપમાં કીધી પથારી;
ઉંધા ચીતા કરી આયુષ્ય ખોવા, વિવેક મેલ્યો વિસારી. સુ૦ ૪
કલ્પવૃક્ષને મારી કુવાડો, વીખની વેલડી વધારી;
જૈનનાં કુળમાં જન્મ ધર્યો પણ, ધર્મની રીત ન ધારી. સુ૦ ૫
ભક્તિનો પાઠ તો ભૂલી ગયો ને, ઈર્ષાને અંગમાં ઉતારી;
સંત જનોનો છોડી સમાગમ, કુડાની કાઢે કચારી. સુ૦ ૬

સમજણુ વીના તો બાંધે સામાયક, પડીકમણું બોલે પોકારી;
પોષો સજે પણુ રોષો તજે નહિં, વાતુ ન છોડે વીકારી. સુ૦ ૭
સંતનો સેવક સરલ હશે તે, સમજીને લેશે સુધારી;
વાર્યા ન રેશે વીર પ્રભુના તે, હોંશથી રહેશે હારી. સુ૦ ૮

---

# જૂગટા વિષે.

( રાગ–કનરો. )

---

જુગટું જગમાં જૂઠ વિચારી,
તેમાં અવગુણુ દીસે અપારી. ટેક.
દ્યુતજ રમતા જૂઠ જ બોલે (૨),
પ્રાણીની હીંસા કરે અપારી. જુગટું૦ ૧
ચોરી શીખે નીજ ઘર પરની (૨),
કીડી કંથુવા મારે હજારી. જુગટું૦ ૨
જુગટું એક શીખતા જાણો (૨),
અવગુણુ સાત થાય છે ભારી. જુગટું૦ ૩
દારૂ માંસ ખાવાજ શીખે (૨),
પરસ્ત્રીમાં પ્રીત વધારી. જુગટું૦ ૪
જુગાર સંગે દુઃખજ પામ્યા (૨),
મણી માણેક ભંડાર હારી; જુગટું. ૫
સ્ત્રી જ હાર્યા પાંડવ રાજા (૨),

વનમાં સહ્યા દુઃખ અપારી. જુગટું૦ ૬
નળ રાજાએ રાજ્ય ગુમાવ્યું (૨),
દ્યુતને કારણ મહીલા છાંડારી; જુગટું૦ ૭
એવુ જાણી દ્યુતને છાંડો (૨),
કહે મુનિ મણીલાલ આવારી. જુગટું૦ ૮

# તનપીંજર રૂપી શિખામણ.

( રાગ—આવરદા વ્યર્થ વીતાવી. )

પોપટ આરે પીંજર નહીં તારૂં,
અંતે ઉડી જાવું પરભારૂં. પોપટ. ટેક.
છે પરનું પણ પરિચયથી તું, માની બેઠો મારૂં;
કયાંનો તું કયાંનું એ પીંજર (૨)
એ સમજે તો સારૂં. પોપટ૦ ૧
માંસ રૂધીરમય અતિ દુરગંધી, નર્ક સમાન નઠારૂં;
તું તેને કંચનમય માને (૨),
આવડું શું અંધારૂં. પોપટ૦ ૨
બીજા જોયા એવું આ પણ, નામે કેવળ ન્યારૂં;
સર્વ પ્રકારે સાચવ તોપણ (૨),
આખર છે પડનારૂં. પોપટ૦ ૩
સારાસાર વિચાર કરે તો, ભવસાગરનું બારૂં;
કેશવ હરી કારીગર તેનો (૨),
જીવ વિશ્વમાં સંભારૂં. પોપટ૦ ૪

# સંવત્સરીનાં ખમાસણાં.

વિર દાદાનાં વચનો તણા, અવળા કીધા મેં અર્થ;
યુક્તિ કરી મન વાળીયું, વય કીધી વ્યર્થ-તે મુજ મિચ્છામિ-દુક્કડં ૧
સાધુએ શિક્ષા દીધી ઘણી, ત્રણસેં સાઠે દીન;
પણ હું વજ્ર પત્થર બન્યો, થયો કાંઇ નવ ભિન્ન. તે મુજ. ૨
નામે ફક્ત શ્રાવક રહ્યો, કામા સાવજ ઘુંસ;
દીકરીનો લીધો દોકડો, તેણે પરણ્યો થઇ ખુશ-તે મુજ. ૩
ગાય ગધેડેથી ગયો, તિર્યંચથી પણ એજ;
એકેન્દ્રિય સમ થઈ રહ્યો, આ શું જૈન વિવેક. તે મુજ. ૪
આવી અપાસરે માનમાં, કીધી ઠેલાઠેલ;
સમતા ઉડાડી સર્વની, ઉલટો કીધો મેલ. તે મુજ. ૫
જૈન થયો પણ વશ પડયો, પાંચે ઇંદ્રિને હાથ;
તજવાનું તે મેં આદર્યું, આભે નાખી બાથ. તે મુજ. ૬
ધર્મનો મર્મ જાણ્યા વિના, નિંદા કીધી અપાર;
પરધર્મની ટાપટીપમાં, મોહ્યો વાર હજાર. તે મુજ. ૭
શ્રદ્ધા વિના તપ વ્રત કર્યાં, લાહુ લેવા ઇનામ;
જશ મોટાઈમાં મરી રહ્યો, ખોયું મોક્ષ ઈનામ. તે મુજ. ૮
મારે મમતે કજીયા વધ્યા, ઘર સંઘની માંય;
નિર્જીવ વાતને કારણે, ભેદ પાડયા જ્યાં ત્યાંય. તે મુજ. ૯

આત્રકનો ભર ભોગવું, કોઇ પૂર્વનાં પુણ્ય;
પણ મેં ફર્જ તણું કદી, ઉતાર્યું નવ ઋણ. તે મુજ. ૧૦
'પુત્ર' થઇ નવ સાચવ્યો, માત તાત વિવેક;
નારી લઈ નોખો થયો, દીધાં દુઃખ અનેક. તે મુજ. ૧૧
'ભ્રાત' થઈ મેં રોપીયાં, કલેશ દ્વેષનાં બીજ;
બંધુમાં છેટાં પડાવીયાં, શર્મે સમજ્યો નહીંજ. તે મુજ. ૧૨
'નાથ' થઇ નિર્લજપણે, માર્યો નારીને માર;
શાન્તપણે શિખવ્યો નહીં, ધર્માધર્મ વિચાર. તે મુજ. ૧૩
'બાપ' બન્યો પણ બાળની, લીધી નવ સંભાળ;
ધર્મ વિદ્યાના દાન વિણ, રાખ્યો બાળને બાળ. તે મુજ. ૧૪
'સસરો' થઇ મેં પાપીએ, વહુની લુંટી લાજ;
ધોળામાં નાખી ધુળ મેં, ભર્યો પાપનો ભાર. તે મુજ. ૧૫
'નોકર' નિમકહરામ મેં, લીધી લાંચ હરામ;
શેઠનું કાઢયું સુડ મેં, ધર્યું મહાજન નામ. તે મુજ. ૧૬
"દેશી' બની નવ, દેશનું કીધું કાંઇ કલ્યાણ;
દેશના દુશ્મનથી મળ્યો, સ્વાર્થે અંધ અજાણ. તે મુજ. ૧૭
દ્રોહી બની દેશ રાજની, બાજી બગાડી સર્વ;
રંક પ્રજા રખડાવી ને, ઉલટું સમજાવ્યું સર્વ. તે મુજ૦ ૧૮
લવ મુજ સ્વારથ કારણે, રાજા રૈયત મધ્ય;
ભેદ પડાવ્યો લુંડપ લઈ, મળશે નરક સદ્ય. તે મુજ. ૧૯
'શિષ્ય' બન્યો ગુરૂરાજથી, કીધાં ગર્વ ગુમાન;
શિખ ન જ્ઞાન શ્રવણે સુણ્યાં, રહ્યો છેક અજ્ઞાન. તે મુજ. ૨૦

આંખેથકી મેં કોઈ દીન, ન કર્યું ગુરૂદર્શન;
વાંચ્યું ન સૂત્ર કે શાસ્ત્ર કાંઈ, પ્રિયામાંહી પ્રસન્ન. તે મુજ. ૨૧
કાન દઈ કથણી સુણી, પ્યારા પ્યારીનાં ગીત;
શાસ્ત્ર કથા સુણતાં મને, ઉંઘ આવી ખચિત. તે મુજ. ૨૨
પ્રભુ રસને ચાખ્યો નહીં, રસનાથી કોઈ વાર;
પ્રભુ કીર્તન ને સ્તવનમાં, સાચવ્યું મુખ દ્વાર. તે મુજ. ૨૩
પુલ ગુલાબ અત્તર તણી, લીધી મ્હેં બહુ ગંધ;
સંત ચરણુની રજ તણી, નવ લીધી સુગંધ તે મુજ. ૨૪
કાયા કરી કુરબાન મેં, પરનારી પલંગ;
જપ તપ વ્રત નવ આદર્યા, શેવ્યો નવ સત્સંગ તે મુજ. ૨૫
'વેપારી' થઇ મેં બહુ લખ્યાં, કુડાં નામાં ને લેખ;
તોલાં માપાં ને ત્રાજવાં, લજવ્યો શ્રાવક ભેખ. તે મુજ. ૨૬
બોલું કંઇ ને ચાલું કઇ, કરી માલમાં ભેળ;
ચોર લફંગાને સાથ દઉં, આ શું જૈન વિવેક ! તે મુજ. ૨૭
નિચ સંગે ચડી સ્વાર્થને, સાધ્યો મારી રાંક;
નરક ટીકીટ લીધી હાથમાં, ખોયું નવટાંક નાક. તે મુજ. ૨૮
હુકમ છતે ન બાંધી શક્યો, ધર્મ ધંધાની પાળ;
રંક ગળે છરી વાવરી, કંઇક ઘાલ્યા કુચાલ. તે મુજ. ૨૯
વેઠ ને વેરા વધારીયા, નાચ્યો નીચને હાથ;
થોડા પૈસાને કારણે, ભરી નરકની બાથ. તે મુજ. ૩૦
પગ પણ વાંકા ચાલીયા, અવળા ચલાવ્યા હાથ;
અવળાઇમાં અથડાઇ મુઓ, અંગ અઢારે વાંક. તે મુજ. ૩૧

બાળપણું ખોયું ખેલમાં, જોબન જોરૂ માંય;
ઘડપણમાં ડાહ્યો થયો, પણ ચાલે ન કાય. તે મુજ. ૩૨
સ્ત્રી કરતી'તી ધર્મને, દેતી વિદ્યા દાન;
કુંચી હતી મુજ પાસ તે, અટકાવી કરી સાન. તે મુજ. ૩૩
લોભી થઈ મેં નવ કર્યો, શ્રાવકનો ઉદ્ધાર;
જૈનશાળા આદિ નિંદીને, ભર્યો પાપનો ભાર. તે મુજ. ૩૪
શ્રાવિકા લાભના કામમાં, કર્યો રોષ અપાર;
દેતાં દાન મેં વારીઆ, છુટું તે કેણિ વાર. તે મુજ. ૩૫
દેખું નજરે દુઃખ પામતાં, મારાં બંધુ તિર્યંચ;
શક્તિ છતાં મડાગાંઠ થઇ, દાન દીધું ન રંચ. તે મુજ. ૩૬
ધન મારૂં તો ધર્યું રહ્યું, નાવ્યું સાથ લગાર;
તોય અટકાવ્યાં પારણાં, સંઘમાં કીધો ખાર. તે મુજ. ૩૭
ભુખે મરે મારા બંધુઓ, ધંધા વિણ નાચાર;
નજરે નિરાંતે નિહાળીઆ, ડગ્યો નવ તલભાર. તે મુજ. ૩૮
હું જમ્યે જગ સઉ જમ્યું, મારે ધન સ્થાને સ્થાન;
હું ઢાંકયો જગ ઢાંકીયું, હું જ્ઞાનીથી જ્ઞાન. તે મુજ. ૩૯
પેટી પટારા પૂરણ ભર્યા, ધન ધાને ચિકાર;
પાછા વાળ્યા મુજ બંધુઓ, ઉલટો દઈ ધિક્કાર તે મુજ. ૪૦
છટકવા છળ કરીને કહું, અંતરાઇ જોગ;
અંતરાઈ બિચારી શું કરે, મન મેલું એ રોગ. તે મુજ. ૪૧
અપંગ અનાથ પશુ તણી, લીધી ન મેં સંભાળ;
અપંગ પશુ રખવાળને, ઉલટી દીધી ગાળ. તે મુજ. ૪૨

નરકખાના ઘર આંગણે, ખાળકુંડી ને કુંડ;
દુર્ગંધ દરદ વળી વધ્યાં, ઝેરી જંતુના ઝુંડ. તે મુજ. ૪૩
'જનની' બની જણવે સુરી, બાકી સમજી ન કાંઈ;
સંતાનો વણસી કરે, કુખ લજવી કમાઈ. તે મુજ. ૪૪
'વહુ' બની મેં વર વશ કીધો, નખરે નચવ્યો હમેશ;
સાસુ સસરા સંતાપીઆ, ભજવ્યો ડાકણ વેષ. તે મુજ. ૪૫
'સાસુ' બની હું પાપિણી, વહુને દીધી ગાળ;
ઘરની બનાવી વૈતરી, ન ગણી આપણી બાળ. તે મુજ. ૪૬
પાણીછાણી ને રાંધણું, આદિ જે ઘર કાજ;
વણ જોયે જીવ જમાડીયા, વધ્યું રોગનું રાજ્ય. તે મુજ. ૪૭
'સાધુ' થઇ પેટ કારણે, પાળ્યો નવ આચાર;
વ્હેમે બધાને ભોળવ્યા, દરીએ બોળ્યું નાવ. તે મુજ. ૪૮
કીધો ન લવ ઉપદેશ શુભ, શ્રમ લઈ શાસ્ત્રાભ્યાસ;
કાંકે મોં માગ્યું મળે, બનતા સર્વે દાસ. તે મુજ. ૪૯
'ગુરૂ' થઇ બેઠો હોંસે કરી, કોટે ઘંટીનું પડ;
જ્ઞાન સમાધી નેવે મુકે, બુડયો બુડાડયા સર્વ. તે મુજ. ૫૦
જંગલની બુદ્ધિ ગણી, દીધો દોકડો ખંત;
અંધશ્રદ્ધામાં ઉતરી ગયો, છેતર્યા ભગવંત. તે મુજ. ૫૧
પાપ કરૂં જાણી જોઇને, તેનો '.ફોકડો' નો'ય;
શિક્ષા મળે સરકારથી, ધર્મ ઢીલો કેમ હોય ? તે મુજ. ૫૨
આજ પર્યુષણ તોય પણ, સંવત્સરી તોય;
ક્રોધ દ્રોહ છોડું નહીં, છુટકારો શે હોય ? તે મુજ. ૫૩

ભલે મોંમાં અપવાસ હો, ભલે સામાયક સોય;
ભલે પોષો પ્રતિક્રમણુ હો, પણુ મમત તો હોય–તે મુજ. ૫૪
ભવ પુરો થવા આવીઓ, રહ્યો પાછલો પહોર;
તોય ન સમતા દીલમાં વસી, મમતા કરી ગઇ જોર. તે મુજ. ૫૫
ગુરૂજી હું તો હવે ગળગળો, આવ્યો આશ્રયે આજ;
કોમળ કરો મુજ કાળજું, ઉગારો મહારાજ ! તે મુજ. ૫૬
ચાહે તો પાઓ જડીબુટ્ટિ, ચાહે દો વનવાસ;
અંગ ઉપાંગ છે આપનાં, હું તો આપનો ખાસ. તે મુજ. ૫૭
'મિચ્છામી દુક્કડ'' કે'તાં ગયાં, વર્ષો મુજ અનેક;
નાવી સરળતા મુજ અંગમાં, આ તો અચરજ છેક. તે મુજ. ૫૮
અનુભવ કરી એ આતમા ! છોડ સઘળી કુટેવ;
ધીરે ધીરે સૌ સારૂં થશે, જિન દેવ ને સેવ–તે મુજ. ૫૯
કસોજણુ આખા વર્ષનું, રાખે જૈની ગર્થ;
ઊડાડે આઠે દીનમાં, કરે અન્યમતિ અર્થ. તે મુજ. ૬૦
દેખે સુણે તેવું કહે, એ પર ધરશો ન રોષ;
કજીયા કઢાપા ઉખેળીએ, એમાં એનો શો દોષ ? તે મુજ. ૬૧
કોમળ બને જો કાળજું, છુટે હાથથી ધન;
વઘરાનો થાય વિનાશ તો, પર્યુષણુ ધન્ય ધન્ય. તે મુજ. ૬૨
આવા અનર્થો થઇ ગયા, હવે ન કરૂં એક;
તો તો પર્યુષણુ પર્વ છે, નહિતર 'પળોજણુ' છેક ! તે મુજ. ૬૩
ગાય શીખે ને સાંભળે, વર્તે રાખી વિવેક;
આણુજીવન તો જાણુશે, પ્રભુજી શ્રાવક ભેખ. તે મુજ. ૬૪

# અગાઉથી આશ્રય આપનાર સદ્ગૃહસ્થોનાં મુબારક નામ.

---

**અમદાવાદ.**

૧૮) શા. પોપટલાલ જાદવજી મારફત
૨ શા. પોપટલાલ જાદવજી
૨ શા. પાનાંચંદ સંઘજી
૨ શા. માણેકલાલ સુખલાલ
૧ શા. પોપટલાલ ચુનીલાલ
૧ શા. ગીરધરલાલ વૃજલાલ
૧ શા. સુખલાલ તેજપાળ
૧ શા. સુખલાલ ઉજમશી
૧ શા. ત્રંબકલાલ ગફુલદાસ
૧ શા. ખેચર કેવળ
૧ શા. હરીલાલ કેવળ
૧ શા. ડામર નીમજી
૧ શા. છોટાલાલ ધનજી
૧ શા. ચત્રભુજ મુળચંદ
૧ શા. વર્ધમાન ભુદર
૧ શા. કસ્તુર જગજીવન
૫ શા. વાડીલાલ ઇશ્વરદાસ
૫ શા. સાંકળચંદ ગુલાબચંદ
૫ વૈદ્ય સુરચંદ મલુકચંદ
૫ શા. ખેમચંદ ઝવેરચંદ
૨ શા. હીરાલાલ જેશંગભાઈ
૨ સંઘાણી હીરાચંદભાઇ વેલજી
૧ સંઘવી વાડીલાલ કાકુભાઇ
૧ શા. મગનલાલ દેવચંદ
૧ શા. દેવચંદ જાદવજી
૧ ભા. સાંકળચંદ ધનજી
૧ શા. ખીમચંદ ખેચરદાસ
૧ સંઘવી મણીલાલ છગનલાલ
૫ મી. સાયલાકર મારફત
  ૧ સાયલાકરના માતુશ્રી સાંકળીબાઈ
  ૧ સાયલાકરના પત્ની મોતીબાઇ
  ૧ માસ્તર નાગરદાસ નીમચંદ
  ૧ અમૃતલાલ જીવરાજ
  ૧ નાગરદાસના પત્નિ સમતાબાઈ
૧ શા. મુળચંદ ચુનીલાલ
૧ શા. નગીનદાસ લખમીચંદ
૧ શા. શામજી ભાણજી
૧ શા. માણેકલાલ વીજવલવ
૧ શા. કુંવરજી નથુભાઇ
૧ શા. સુખલાલ નાથાભાઈ
૧ શા. ઘેલાભાઇ તેજશી
૧ શા. મોહનલાલ ખુશાલ

---

## પાલણપુર.

૩૯ લોંકાગચ્છ સ્થાનકમાર્ગી પુસ્તકાલયના સેક્રેટરી કોઠારી મલુકચંદ જસવંતભાઇ મારફત
૧૦ પરી મગનલાલ ટોકરશી
૧૦ મેતા કકલભાઈ માણેકચંદ
૧૦ મેતા પીતામ્બરભાઇ ઇશ્વિરભાઇ
૫ ઝવેરી કચરાભાઈ નાગજી
૫ મેતા લલુભાઈ રામચંદ
૨ પાલણપુર લોંકાગચ્છ સ્થાનકમાર્ગી પુસ્તકાલય.
૨ મોદી તળશીભાઈ ઝુમચંદ
૧ કોઠારી મલુકચંદ જસવંત
૧ કોઠારી બાદરમલ મંગળજી
૧ મોદી લલુભાઈ ઝુમચંદ
૧ મોદી બાદરમલ સાંકળચંદ
૧ કોઠારી મગનભાઇ ઉજમચંદ
૧ મેતા લખમીચંદ તળશી
૧ મોદી કકલભાઈ ઇશ્વિરભાઈ
૧ કોઠારી અમીચંદ વહાલુભાઇ
૧ મેતા ધુળાભાઇ લવજી
૧ મેતા સુરજમલ ગમાનચંદ
૧ મેતા સૌભાગ્યચંદ વીરચંદ
૧ મેતા હેમરાજ ધરમચંદ
૧ મેતા મંછાભાઇ ડુંગર
૧ ચોધરી માણેકચંદ ભીખાભાઇ
૧ ઝવેરી જસકરણભાઇ તળશી
૧ પરી કચરસીંગ ગુલાબચંદ
૧ મેતા ઝવેર ઉજમચંદ
૧ મેતા ચંદુલાલ ભાઇચંદ
૧ મેતા જસાભાઈ તળશી
૧ મેતા રીખભચંદ મયાચંદ
૧ પરી ફોજલાલ ગુલાબચંદ
૧ ઝવેરી સુરજમલ ઝુમચંદ
૧ ચોકશી લલુભાઇ ઉજમ
૧ ઝવેરી રતનચંદ ઉગરચંદ
૧ શા. માણેકલાલ ધરમચંદ

## સાણંદ.

૫૧) શા. રાઘવજી પ્રેમચંદ મારફત
૧૦ શા. ઉજમશી માણેકચંદ
૫ શા. રાઘવજી પ્રેમચંદ
૩ શા. સાંકળચંદ નારણદાસ
૩ શા. કાનજી રાઘવજી
૨ શા. શીવલાલ ધરમશી
૨ પટેલ રણછોડ નારણભાઇ
૧ શા. કસ્તુરચંદ છગનલાલ
૧ શા. ત્રીભોવન છગનલાલ
૧ શા. મગનલાલ ઘેલાભાઇ
૧ શા. વૃજલાલ પ્રાગજી
૧ શા. ભીખાભાઇ દેવશી
૧ શા. હીરાચંદ રાઘવજી
૧ શા. કપુરચંદ કુંવરજી
૧ વોરા સોમચંદ તરભોવન
૧ સંઘવી વૃજલાલ રાયચંદ
૧ શા. મોહનલાલ માવજી
૧ શા. નાગરદાસ સુંદરજી
૧ શા. નરશી ચુનીલાલ

૧ કંદોઇ વાડીલાલ કેશવજી
૧ કંદોઇ ઝીણા તળશી
૧ પા જીવાભાઇ ગીરધર
૧ પા. શંકરભાઇ હરજી
૧ પા. હરીભાઇ ગોપાળદાસ
૧ શા. હરજીવન ભુરાભાઇ
૧ શા. છગનલાલ ભાણજી
૧ ભા. પાનાચંદ જેસંગ
૧ ભા. કેશવજી મોતીચંદ
૧ પા. ડોસાભાઈ ગોપાળદાસ
૧ વોરા ગીરધરલાલ કરશન
૧ શા. ખુશાલચંદ આણંદજી
૧ પા. ડાહ્યાભાઈ દેવાભાઇ
૧ શા. વ્રજલાલ ભુરાભાઇ

---

## કઠોર.

૩૪) ભા. પરશોત્તમદાસ દેવચંદ-
ભાઇ મારફત
૫ ભા. નરોત્તમ મોતીરામ પટેલ.
૫ ભા. પરશોત્તમદાસ દેવચંદ
૫ કઠોર સ્થા. પુસ્તકાલય
હા. શીવલાલ વીઠલદાસ
૫ ભા. કુબેરદાસ હરજીવનદાસ
૨ ભા. રામચંદ નાથાભાઇ
૨ ભા. રાયચંદ ત્રીભોવન
૨ ભા. નેમચંદ નારણદાસ
૨ ભા મુળચંદ અમીચંદ
૨ ભા. ઠાકોરદાસ નરોત્તમદાસ
૨ ભા. હીરાચંદ જેચંદ
૨ ભા. છગનલાલ લખમીચંદ

---

## ખંભાત બંદર.

૨૦) શા છોટાલાલ મોતીચંદ મારફત.
૫ ખંભાત જૈનશાળા
૨ શા. છોટાલાલ મોતીચંદ
૧ શા. દોલતચંદ ભાણાભાઈ
૧ શા. ફત્તેચંદ ભાઇચંદ
૧ શા. અંબાલાલ ભાઇચંદ
૧ શા. લાલચંદ મલુકચંદ
૧ શા. હરીલાલ અનુપચંદ
૧ પટેલ ગીરધરલાલ ભાઇલાલ
૧ શા. શીવલાલ છોટાલાલ
૧ શા. વાડીલાલ ડાહ્યાભાઇ
૧ શા. સુંદરલાલ ગાંડાભાઇ
૧ શા. અનુપચંદ માણેકચંદ
૧ શા. અંબાલાલ મોહનલાલ
૧ શા. મોહનલાલ દોલતચંદ
૧ પા. ભોગીલાલ દયાળ

---

## ટંકારા.

૨૦ રા. ગોકળદાસ નાનજી ગાંધી
સ. ગુ. સ્કૂલના હેડ માસ્તર.

---

## લાકડીયા (કચ્છ).

૨૫) માસ્તર વાઘજી દેવાભાઇ માર્ફત
૫ મેતા કપુરચંદ હીરાચંદ
૩ શા. હીરાચંદ દેવશી
૨ શા. દેવાભાઇ દેવશી

૧ શા. હીરા પમા
૧ માસ્તર વાઘજી દેવાભાઇ
૧ શા નોંધા દેવશી
૧ શા. રતન કરમણ
૧ શા. હેમરાજ સાંગણ
૧ શા. પોપટ જેઠા
૧ શા. પચાણ માલા
૧ શા. વાલા માલા
૧ શા. લખમણ દેવશી
૧ શા. જેસંગ વેરશી
૧ શા. વેરશી પાલુ
૧ મેતા હકમચંદ સાંકળચંદ
૧ શા. કાળીદાસ ગાંગજી
૧ શા. ભારમલ દેસર
૧ શા. લુંભા વીરા

## વેરાવળ બંદર.

૨૪) માસ્તર કપુરચંદ સંઘજી માર્ફત
૫ શા. ગોવીંદજી સોમચંદ
૪ શા. દેવચંદ સોમચંદ હા. ઉજમ
૧ શા. વસનજી વીરજી
૧ મોદી વીરચંદ સવજી
૧ કપાણી દેવચંદ હીરાચંદ
૧ શા. ડાહ્યાભાઇ ખીમજી
૧ શા. ગોરધન પરશોત્તમ
૧ શા. લીલાધર મોતીચંદ
૧ શા. વલભજી પચાણ
૧ શા. સુંદરજી કરમચંદ
૧ શા. લખમીચંદ રવજી

૨ શા. દેવચંદ હીરાચંદ
૧ શા. લાલજી ડુંગરશી
૧ શા. જેઠા ઝવેરચંદ
૧ શા. મદનજી ગોવિંદજી
૧ શા. લાધા હરખચંદ

## વીરમગામ.

૧૫) ભા. મુલચંદ વીરચંદ મારફત
૧ શા. નરશી નાનચંદ
૧ શા. રાયચંદ લાડકચંદ
૧ શેઠ નેમચંદ ઉજમશી
૧ શા. ટોકરશી છગનલાલ
૧ શા. બકોર લાલજી
૧ શા. શીવલાલ છગનલાલ
૧ શા. સાંકળચંદ લાલચંદ
૧ શા. નાનચંદ હંસરાજ
૧ શા. વલભ મોતીચંદ
૧ શા. ડામર મોતીચંદ
૧ શા. તલકશી ઝવેર
૧ શા. વલમ કેશવજી
૧ શા. લલુ પિતાંબર
૧ ભા. પ્રેમચંદ વલુ
૧ ભા. હરગોવન પરશોત્તમ

## રાજ સીતાપુર.

૧ શા. માણેકચંદ ધનજી
૧ શા. પોપટ માધવજી
૧ મેતા ડાહ્યા જેશંગ
૧ શેઠ ચુનીલાલ ભાયચંદ

૧ પોપટલાલ મોતીચંદ
૧ શા. જીવરાજ નાનજી
૧ ભા. જીવરાજ ચતુર
૧ શેઠ છગનલાલ જુઠા
૧ મુ. લખમીચંદ મુળજી
૧ શા. લવજી ગણેશ
૧ ભા. હરચંદ ડાયા
૧ શેઠ હીરાચંદ વાલજી
૧ શા. જેઠાલાલ ઠાકરશી
૧ શા. પોપટ તળશી
૧ શા. જેઠાલાલ હરચંદ
૧ ભા. ડામર શામજી
૧ ભા. ભુદર ત્રીકમ ખેરવાના

## ખેડા.

૧૦ ભા. કીશોરદાસ મોતીચંદ

## પાણસીણા.

૮) શા. જીવણ સંઘજી મારફત
૧ શ્રી દીપચંદજી પુસ્તકાલય
૧ શા. જીવણ સંઘજી
૧ શા. જગજીવન પ્રાગજી
૧ શા. જટા ચતુર
૧ શેઠ ઉમેદ ગફલ
૧ શા. ચુનીલાલ છગન
૧ શા. ઉજમશી વલભ
૧ શા. પુંજા નથુભાઇ

## ચુડા.

૫ ડાકટર સોભાગ્યચંદ નથુભાઇ

## પ્રાંતીજ.

૫ પરી. દયારામ જેચંદ
૫ પરી. માણેકલાલ મફતલાલ

## ધ્રોલ.

૨ મેતા વશરામ કપુરચંદ
૨ મેતા શામજી ત્રીકમજી
૧ મેતા માણેકલાલ શામજી
૧ સૌ. બાઇ ઉજમ કાળા
૧ વોરા મોતીચંદ ઝવેરચંદ

## કાલાવડ.

૩ કંદોઇ તળશી મોતીચંદ

## ખેડોઇ ( કચ્છ ).

૨ મેતા લવજી ગલાલચંદ

## ધાનેરા.

૧ રા. જેઠાલાલ રૂમચંદ મહેતા

## કલોલ.

૨ શેઠ મગનલાલ મુળચંદ
૨ શા. ડોસાભાઇ પીતાંબરદાસ
૧ શેઠ છગનલાલ હરજીવનદાસ

**માંડવી બંદર. ( કચ્છ ).**
૨ શા. માણેકચંદ પાનાચંદ
મોટી પક્ષ સ્થાનકના સેક્રેટરી

**કરાંચી.**
૧૦) ગાંધી માણેકચંદ નાનજી મારફત
૨ ગાંધી માણેકચંદ નાનજી
૨ મેતા કેશવજી સાંકળચંદ
૧ મેતા તુલશીદાસ ફુલચંદ
૧ શા. પરમાણંદ જીવરાજ
૧ ગાંધી દીપચંદ મલુકચંદ
૧ મેતા પ્રાણજીવન ખેતશી
૧ મેતા વનેચંદ હંસરાજ
૧ મેતા અભેચંદ જીવરાજ

**પોરબંદર.**
૭) માસ્તર દામજી ફુલચંદ મારફત
૧ શેઠ ગંગાધર વાસણજી
૧ શેઠ રામજી ખુશાલ
૧ શેઠ વનરાવન કરશનજી
૧ શેઠ લવજી જાદવજી
૧ શેઠ હીરાચંદ ગલાલચંદ
૧ શા વનરાવન નાનજી
૧ પોરબંદર જૈન પુસ્તક સંગ્રહ

**મુંબાઇ બંદર.**
૩૨ શા. મલુકચંદ ઝવેરચંદ મારફત
૫ શા. મલુકચંદ ઝવેરચંદ.
૫ શા. જગજીવન શીરાજ.
૫ શા. જગજીવન કેશવજી.
૫ શા. રાજપાળ દેવશી.
૫ શા. ટોકરશી અંદરજી.
૫ શા. છગનલાલ ગુલાબચંદ.
૨ શા. હીરાચંદ શામજી.

